Jain Dharma Vikas (Monthly) Regd No. B.4494




પુસ્તક ૩ જું.] અષાઢ: વીર સંવત ૨૪૬૯ [અંક ૯



તંત્રી અને પ્રકાશક:

**ભોગીલાલ સાંકળચંદ શેઠ.**

**પંચાંગ.**

સુદિ ૧૩ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| સુ૧ | સોમ | ૨ |
| ૨ | મંગળ | ૩ |
| ૩ | બુધ | ૪ |
| ૪ | ગુરૂ | ૫ |
| ૫ | શુક્ર | ૬ |
| ૬ | શનિ | ૭ |
| ૭ | રવિ | ૮ |
| ૮ | સોમ | ૯ |
| ૯ | મંગળ | ૧૦ |
| ૧૦ | બુધ | ૧૧ |
| ૧૧ | ગુરૂ | ૧૨ |
| ૧૨ | શુક્ર | ૧૩ |
| ૧૪ | શનિ | ૧૪ |
| ૧૫ | રવિ | ૧૫ |
| વ૧ | સોમ | ૧૬ |
| ૨ | મંગળ | ૧૭ |
| ૩ | બુધ | ૧૮ |
| ૫ | ગુરૂ | ૧૯ |
| ૬ | શુક્ર | ૨૦ |
| ૭ | શનિ | ૨૧ |
| ૮ | રવિ | ૨૨ |
| ૯ | સોમ | ૨૩ |
| ૧૦ | મંગળ | ૨૪ |
| ૧૧ | બુધ | ૨૫ |
| ૧૨ | ગુરૂ | ૨૬ |
| ૧૩ | શુક્ર | ૨૭ |
| ૧૩ | શનિ | ૨૮ |
| ૧૪ | રવિ | ૨૯ |
| ૦)) | સોમ | ૩૦ |

વાર્ષિક લવાજમ.] **વિષય-દર્શન.** [રૂપિયા, ત્રણ.

## શ્રાવણ, વિ. સં. ૧૯૯૯.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| સાચો જૈન—જૈન કહો કયું હોવે ? | ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયજી | ૧૯૩ |
| શક્તિની શત્રુતા. | તંત્રી સ્થાનેથી | ૧૯૪ |
| શ્રમણોપાસક કલ્પલતા. | વિજયપદ્મસૂરિ | ૧૯૭ |
| ઋષભદેવ સ્તવન. | મુનિ મલયવિજયજી | ૨૦૦ |
| 'ધર્મ્ય વિચાર" | ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી. | ૨૦૧ |
| વિદ્યાર્થીઓને ઉપદેશ. | મુનિશ્રી લક્ષ્મીસાગરજી | ૨૦૬ |
| કર્મવીર રાજપુત્ર ચંદ | આચાર્ય વિજયકલ્યાણસૂરિ. | ૨૦૭ |
| જીનેન્દ્ર ભક્તિ. | મુનિમહારાજ લક્ષ્મીસાગરજી | ૨૦૯ |
| પૂ આચાર્યવરોનાં ચાતુર્માસ. | તંત્રી. | ૨૧૧ |
| વર્તમાન સમાચાર. | તંત્રી. | ૨૧૪ |


સુદિ ૨ મંગળ શ્રીસુમતિનાથ ચ્યવન.
સુદિ ૩ બુધ પન્યાસ શ્રીભાવવિજયજી મહારાજ નિર્વાણ દિન.
સુદિ ૪ ગુરૂ માસખમણ દીન
સુદિ ૫ શુક્ર શ્રી નેમિનાથ જન્મ દીન
સુદિ ૬ શનિ શ્રી નેમિનાથ દીક્ષા દીન
સુદિ ૮ સોમ શ્રી પાર્શ્વનાથ મોક્ષ દીન
સુદિ ૧૫ રવી શ્રી મુનિસુવ્રત સ્વામી ચ્યવન દીન.

વદિ ૫ શુક્ર પાસખમણ દીન.
વદિ ૭ રવિ શ્રી શાન્તિનાથ ચ્યવન અને શ્રી ચંદ્રપ્રભુ મોક્ષ દીન.
વદિ ૮ સોમ શ્રી સુપાર્શ્વનાથ ચ્યવન
વદિ ૯ મંગળ રોહીણી દીન.
વદિ ૧૨ શુક્ર પર્યુષણા પર્વ પ્રારંભ.
વદિ ૦)) સોમ કલ્પસૂત્ર વાંચન પ્રારંભ.

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૩ જું. અશાડ, સં. ૧૯૯૯. અંક ૯ મો.

## સાચો જૈન.—જૈન કહો કયું હોવે ?

રચયિતાઃ- ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય યશોવિજયજી.

જૈન કહો કયું હોવે, પરમગુરૂ ! જૈન કહો કયું હોવે ?
ગુરુ ઉપદેશ બીના જન મૂઢા, દર્શન જૈન વિગોવે
પરમગુરૂ ! જૈન કહો કયું હોવે ? ટેક. (૧)
કહત કૃપાનિધિ સમ-જલ ઝીલે, કર્મ મયલ જો ધોવે
બહુલ પાપ મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ૦ (૨)
સ્યાદ્વાદ પુરન જો જાને, નયગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બુઝે, સોઇ જૈન હે સાચા. પરમ૦ (૩)
ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપુઠી;
જૈન દશા ઉનમે હી નાહી, કહે સો સબહી જુઠી. પરમ૦ (૪)
પર પરણુતિ અપની કર માને, કિરિયા ગર્વે ગહિલો;
ઉનકું જૈન કહો કયું કહીએ, સો મુરખ મેં પહિલો. પરમ૦ (૫)
જૈન ભાવ જ્ઞાનિમાંહિ સબ, શિવ સાધન સદ્દહિએ;
નામ વેષ શું કામ ન સીઝે, ભાવ ઉદાસે રહીએ. પરમ૦ (૬)
જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાન કી દાસી;
ક્રિયા કરત ધરતુ હે મમતા. યાહિ ગલેમેં ફાંસી. પરમ૦ (૭)
ક્રિયા બિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બિનુ નાંહી
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહતું હે, જ્યોં જલ રસ જલમાંહી પરમ૦ (૮)
ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાનશક્તિ જસ ભાંજે;
સદ્ગુરૂ શિખ સુને નહિ કબહું, સોજન જનતેં લાજે. પરમ૦ (૯)
તત્ત્વબુદ્ધિ જિન કી પરિણુતિ હે, સકલ સૂત્રકી કુંચી;
જગ જસવાદ વદે ઉનહીકો, જૈન દશા જસ ઉંચી. પરમ૦ (૧૦)

જેઠ સં. ૧૯૯૯ :: જૈન ધર્મવિકાસ :: અંક ૯ મો

તંત્રી સ્થાનેથી

## શકિતની શત્રુતા

'एकं हन्यात् नवा हन्यात्....' એ શબ્દ વડે અર્થશાસ્ત્રના રચયિતા ચાણુકયે વણિક્‌ની બુદ્ધિની પ્રશંસા કરતાં કહ્યું છે કે શત્રુનો પરાભવ કરવામાં શુરવીર લડવૈયો પોતાના બાણુથી લક્ષ્યરૂપ શત્રુને હણે, કદાચ લક્ષ્ય ચૂકે તો ન પણ હણે જ્યારે વણિક્‌ની દૃષ્ટિ તો એટલી અચૂક ને અફળ હોય છે કે તેની દૃષ્ટિમાત્રથી શત્રુ (સમૂહના)નો પરાભવ તો નહિ જ પણ તેની સાત પેઢીમાં પણ ફરી શત્રુ ન થાય તેવું કરી મુકે. લોકોક્તિ પણ છે કે–'વાણિયા વિના રાવણનું રાજ્ય ગયું.' અર્થાત્ રાવણને વણિક્ મંત્રી હોત તો રાવણ ઉન્માર્ગે જાત નહિ. અને આ રીતે દુ:ખી થઇ રાજ્યભ્રષ્ટ બની વગોવાત પણ નહિ.

બુદ્ધિવૈભવી વણિકો શાન્તુમહેતા, મુંજાલમંત્રી, વસ્તુપાળ, ઉદયનમંત્રી વિગેરે પૂર્વકાળમાં જૈનસમાજે નિપજાવ્યા છે. ટુંકમાં આજે તો જૈનધર્મ બહુલતાએ વણિકોથી આચરણ પામતો ધર્મ છે.

તો હવે આ વણિકોની મુખ્યતાવાળો જૈનધર્મ છે છતાં તેવા બુદ્ધિવૈભવી વણિકો નથી કે તેમના બુદ્ધિવૈભવનો ઉપયોગ નથી. આજે પણ તેવાજ બુદ્ધિવૈભવી વણિકો છે અને તેઓની બુદ્ધિનો ઉપયોગ પોતાના વ્યાપાર, વ્યવહાર, જ્ઞાતિ અને સ્પર્ધામાં કરે છે ને તેમાં મુદ્દલ પાછા પડતા નથી.

શક્તિનો સદુપયોગ, શક્તિનું રક્ષણ, શક્તિનો દુર્વ્યય અને શક્તિની શત્રુતા આ ચાર વસ્તુમાં આજે આપણે ત્યાં કઇ સ્થિતિ પ્રવર્તે છે તે તપાસવા યોગ્ય છે.

આજે હિંદ ભરના તમામ વર્ગમાં જૈન કોમ બુદ્ધિ સંપત્તિ, આચાર અને વિચારની દૃષ્ટિએ તમામ કોમો કરતાં ઉજળી અને સુઘડ છે. તે પોતાના સમાજમાં સુવર્ણયુગ પ્રવર્તાવી શકે તેવી તેની પાસે શક્તિ અને સાધનસામગ્રી છે. પણ કહેવું જોઇએ કે તે શક્તિ અને સાધન સામગ્રીનો ફળદાયક ક્ષેત્રોમાં જેવો જોઇએ તેવો સદુપયોગ થયો નથી. ખરે જ તેવો સદુપયોગ થયો હોત તો આજે સમાજની સેંકડો કેળવણી આપતી સંસ્થાઓ અને લાખોના ભંડોળોવાળાં મંડળો ફળરહિત નિસ્તેજ ન હોત. કરોડો અને લાખોનું દેવદ્રવ્ય હોવા છતાં જીર્ણશીર્ણ મંદિરો ન હોત, અને બોડી બ્રાહ્મણીના ખેતર જેવી અવ્યવસ્થા અને અંધેર આજે જે પ્રવર્તે છે તે દશા ન હોત.

સમાજની શક્તિનો સદુપયોગ સમાજને ઉન્નત અને વૈભવશાળી બનાવે છે જ્યારે સદુપયોગ વિનાનો શક્તિ સંચય વર્તમાન સ્થિતિમાં ઉન્નતતા ભલે ન લાવે છતાં ભવિષ્યમાં ઉન્નતિના અને પ્રભાવનાના ક્ષેત્રની સાધન સામગ્રી તો જરૂર

રક્ષિત રાખે છે. આજે તો તેમાંથી પણ આપણે અધઃપાત પામીએ છીએ. કારણ કે શાસનની સાચી પ્રભાવના ને ઉન્નતિના પ્રસંગે જે માણસો સક્રિય કાર્ય કરી શકે તેને પણ દીવસે દીવસે ગુમાવતા જઇએ છીએ અને તેઓને એટલી બધી નારાજી ઉત્પન્ન કરાવીએ છીએ કે સાચો રાહ પણ તેઓને ભવિષ્યમાં સાચા રાહ રૂપે દેખાતો નથી.

આજે સમાજ પોતાની શક્તિનો કેટલાએ કાર્યોમાં દુર્વ્યય કરે છે તે વસ્તુ કબુલ કર્યા સિવાય ચાલે તેમ નથી. શક્તિનો દુર્વ્યય અમે તેને કહીએ છીએ કે સમાજના સીધા અંગ ઉપર ભલે નુકશાન ન કરે છતાં સમાજની જે શક્તિ તેને ઉન્નતિના માર્ગમાં લઈ જનારી હોય તે શક્તિને એવી રીતે ખોઇ બેસે કે જ્યારે તે તેની ઉન્નતિની વસ્તુ સમજે ત્યારે તે નિઃસહાય હોય. એક ધનપતિ પુત્ર પોતાની લાખો રૂપીઆની મુડી સટ્ટા જુગાર અને ખોટા ધંધાઓ દ્વારા એવી રીતે વ્યય કરી મુકે કે જ્યારે તેને હાથ લાખો કમાવી શકે તેવો ધંધો ચડે ત્યારે મુડીના અભાવે રોકણ નહિં કરી શકવાથી તેનો લાભ ન લઇ શકે. આજે સમાજ લાખો કરોડો રૂપીઆ અને શક્તિ એવી રીતે ખર્ચે છે કે જેનાથી જ્ઞાન, દર્શન કે ચારિત્રની પ્રભાવના, રક્ષણ કે સુલભતા ન થતી હોય તેવો ખર્ચ તે સમાજની શક્તિનો દુર્વ્યય છે.

આ સર્વ કરતાં આજની જૈનસમાજની સ્થિતિ વધુ દુઃખદ એ છે કે જેમાં શક્તિની શત્રુતા પ્રવર્તે છે.

કોઈ ધનવાનના બે પુત્રો પોતાના પિતાની સંપત્તિથી પોતાની કુળની કીર્તિ આબરૂ ને યોગ્યતા વધારે તે સદુપયોગ છે. કદાચ તે ન કરે તો પોતાની સંપત્તિને સાચવે કે સંપત્તિનો એવી રીતે વધારો કરે કે જ્યારે તે પોતાની કીર્તિ આબરૂને ઉન્નતિ કરવી હોય ત્યારે કરી શકે આ શક્તિનું રક્ષણ છે. વડીલોની મર્યાદા વિના અને કુસંગ દોષથી પોતાના વારસામાં મળેલી લક્ષ્મી એકબીજા જુદા જુદા વ્યસન કે ખોટા વ્યાપારોથી ખોઈ બેસે તે તેમની શક્તિનો દુર્વ્યય છે. પણ જ્યારે તે એક બીજાને ઉતારી પાડવા દુઃખી કરવા, પાયમાલ કરવા પોતાની સંપત્તિ ને શક્તિનો ઉપયોગ કરે તે શકિતની શત્રુતા છે.

સમાજમાં શક્તિની શત્રુતામાં પડેલા પોતાની જાતને કોઇ દીવસ અમે શક્તિની શત્રુતા પ્રગટાવીએ છીએ એમ કહેતા નથી ને કદાચ તેમનો ઈરાદો તે પ્રગટાવવાનો શરૂઆતમાં હોતો પણ નથી. છતાં પ્રથમ હિતબુદ્ધિ. હિતબુદ્ધિ માર્ગથી ભ્રષ્ટ થતાં સ્પર્ધા, સ્પર્ધાથી ભ્રષ્ટ થતાં ઈર્ષ્યા, ને ઇર્ષ્યાથી ચુકતાં માણસ આપોઆપ શત્રુતામાં પડી જાય છે.

જૈનસમાજને કમનસીબે ચચાના પ્રશ્નો જે હિતબુદ્ધિએ હાથ ધરવા જોઇએ તે પ્રશ્નો પરિણામે શત્રુતામાં ચાલ્યા જાય છે. શરૂઆતમાં 'આ ખોટું થાય છે, ન થવું જોઇએ. આમ થવાથી સમાજને બાધા પહોંચશે' તે વિચાર થાય છે. પછી પોતે પૂર્ણ વિચારથી નક્કી કરેલ ખોટાની પ્રવૃત્તિ જોત

પોતાની પ્રવૃત્તિ પાછળ ન પડી જાય માટે સ્પર્ધા પ્રગટે છે. આ સ્પર્ધા માર્ગ-ભ્રષ્ટ થતાં સામાની કેટલીક સાચી વસ્તુનું પણ અનુમોદન નહિં આપવાની ને દૂષણ શોધવાની ઇર્ષ્યા પ્રગટે છે. આ ઇર્ષા પણ વધુ ગાઢ થતાં મર્યાદા ચૂકે ત્યારે ક્રોધની જ્વાળાઓ પ્રગટાવતી શત્રુતા ભભુકી ઉઠે છે ને તે શત્રુતા બન્નેને બાળવા પ્રયત્ન કરે છે.

આપણે ત્યાં વર્તમાન કાળમાં જન્મ પામતી ચર્ચાઓ આ રીતે પ્રગટી શત્રુ-તાના ખપ્પરમાં હોમાઈ બન્ને પક્ષોના નુકશાન સાથે સમાજને નુકશાન કરી ચર્ચાના મુળ મુદ્દાને અણઉકેલ દશામાં રહેવા દઈ વિરામ પામે છે.

આજે શકિતની શત્રુતા સમાજમાં ઓછી નથી. કેવળ કલ્યાણકારી ગણાતા કામોમાં પણ આ શત્રુતાના પરિણામે જૈનસમાજના મૂળ અંગોને પણ નુકશાન કરવામાં પાછી પાની નહિં કરનાર હોવા છતાં શક્તિની શત્રુતામાં પ્રવર્તેલા પોતાની જાતને ધર્મી અને ધર્મની રક્ષા કરનાર માની બેસવું તે ખરેખર દુઃખદ છે.

પ્રાચીન કાળમાં દેવસુર અણસૂર ગચ્છની ચર્ચા ઓછી નહોતી. આ ચર્ચાના વધુ વિકરાળ સ્વરૂપે ભારે અશાંતિ પ્રગ-ટાવી હતી છતાં શકિતના સદુપયોગ સમા હજારો નુતન મંદિરો, હજારોની સંખ્યાની શાસન પ્રભાવના કરતા ગ્રંથો, અને અપૂર્વ શાસનહિત કરનાર પદ્ધતિ-ઓના વેગને જરાપણ બાધા આવવા દીધી નહોતી. અર્થાત્ એ ચર્ચાએ શકિતની શત્રુતા આજે જે છે તેવી પ્રગટાવી નહોતી.

સમાજની શકિતની શત્રુતાને ઉત્પન્ન કરનારાઓએ એ સ્પષ્ટ સમજવું જોઇએ કે શાસનની પ્રભાવના અનેક જીવોને નવીન સમ્યક્ત્વ ને સમક્તિની દૃઢતા બક્ષે છે તેજ પ્રમાણે શાસનની શત્રુતા અનેકને ધર્મવિમુખ અને દુર્બોધિ બનાવે છે.

ચર્ચાનો પ્રશ્ન દરેક કાળે ઉત્પન્ન થાય પણ તેની મર્યાદામાં રહી ચર્ચાય પરંતુ તે ચર્ચાના સિદ્ધાંત ફેરને લઇ શાસનનું અત્યંત ખોટું કરે તેવું વર્તન ઇષ્ટ ન જ ગણાય.

આપણે સખેદ કહેવું જોઇએ કે વણિકની બુદ્ધિ અગાધ, ને તે તેના કલ્યાણમાં પ્રવર્તે તો ખુબ કલ્યાણ કરે ને તે બુદ્ધિ અનર્થમાં પડે તો તેવો અનર્થ પણ ઘણો કરે.

અંતે સમાજમાંથી શક્તિની શત્રુતા મટી શક્તિ સંચય સાથે સદુપયોગ કર-વાની સદ્બુદ્ધિ પ્રવર્તે તેવી શાસનદેવ પ્રત્યે અભ્યર્થના.

शिवमस्तु सर्व जगतः परहित निरता भवन्तु भूतगणा।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥

॥ नमः श्रीसिद्धचक्राय ॥

# શ્રમણોપાસક કલ્પલતા

રચયિતા—વિજયપદ્મસૂરિ

## [ પ્રભુદેવ શ્રી મહાવીરસ્વામીના શાસનમાં થએલા દશ શ્રાવકોની આદર્શ જીવનરેખા ]

**पणमिय पासजिणिंदं-समणोवासगपकप्पलयमिट्ठं ॥**
**विरएमि महुल्लासा-सावग धम्मप्पयासअरिं ॥१॥**

( અવિચ્છિન્ન પ્રભાવશાલી ત્રિકાલાબાધિત શ્રીજૈનેન્દ્ર દર્શન બીજા બધાં દર્શનોમાં અગ્રેસર ગણાય છે, તે સર્વાંશે ઘટિત જ છે. કારણ કે તેજ મધ્યસ્થ ભાવે તમામ વાદીઓને ઉચિત ન્યાય આપી શકે છે, માટે જ તે નિષ્પક્ષપાતી દર્શન આ નામથી પણ સુપ્રસિદ્ધ છે. જ્યાં પક્ષપાત હોય ત્યાં ઉચિત ન્યાય દેવાનો અધિકાર લગાર પણ ટકી શકતો નથી. "**पक्षपातो भवेद् यस्य तस्य पातो भवेद् ध्रुवं**" જેના મનમાં પક્ષપાતની ભાવના વસી હોય, તેનું જરૂર અધઃ-પતન થાય છે. જૈન દર્શન સર્વાંશે પદાર્થોની વિચારણા કરે છે, માટે અનેકાંત દર્શન કહેવાય છે. અને આપેક્ષિક વાદને માન્ય રાખે છે તેથી 'સ્યાદ્વાદ દર્શન' તરીકે પણ વિવિધ ગ્રંથોમાં સુપ્રસિદ્ધ છે. પીપરને જેમ વધારે ઘૂંટવામાં આવે તેમને તે વધૂને વધૂ ફાયદો કરે છે, તેમ સ્યાદ્વાદ દર્શનનો ગુરૂગમથી મધ્યસ્થ દૃષ્ટિએ વધુને વધુ અભ્યાસ કરવાથી આત્મવિકાસ પ્રત્યે ભવ્યજીવો નિર્ભય-પણે પ્રયાણ કરી શકે છે. આમ કરીને પૂર્વે અનંતા ભવ્ય જીવો સિદ્ધિપદ પામ્યા છે. (હાલ પણ મહાવિદેહમાં પામે છે અને ભવિષ્યમાં પામશે.) અને પ્રભુશ્રી મહાવીરદેવના વર્તમાન શાસનમાં પણ એવાં અનેક દૃષ્ટાંતો મળી શકે છે. જુઓ સાધુઓમાં-ગણધર શ્રીગૌતમ-સ્વામી, સિંહ અણગાર, રોહક મુનિવર, અતિમુક્ત, ધન્યકુમાર, શાલિભદ્ર, અવંતી સુકુમાલ વગેરે; સાધ્વીઓમાં-ચંદનબાલા, મૃગાવતી વગેરે. શ્રાવકોમાં-૧ આનંદ, ૨ કામદેવ, ૩ ચુલનીપિતા, ૪ સુરાદેવ, ૫ ચુલ્લશતક, ૬ કુંડકોલિક, ૭ સદ્દાલ-પુત્ર, ૮ મહાશતક, ૯ નંદિનીપિતા, ૧૦ તેતલીપિતા શંખ, શતક વગેરે. અને શ્રાવિકાઓમાં-રેવતી, સુલસા વગેરે. તેમાંથી આનંદ શ્રાવકાદિના આદર્શ જીવનમાંથી ભવ્ય શ્રાવકોને આત્મોન્નતિનો ખરો માર્ગ જરૂર મળી શકે છે, એ ઈરાદાથી, તેઓના જીવનની ટુંક બીના અહીં જણાવવામાં આવે છે.)

### શ્રી આનંદ શ્રાવક—

જિનાલયાદિ ધર્મસ્થાનોથી શોભાય-માન એવા વાણિજ્ય ગ્રામ નામના નગ-

રમાં આનંદ નામે મહર્દ્ધિક વ્યાપારી (શ્રાવક) રહેતા હતા. તે બાર ક્રોડ સોનૈયાના સ્વામી હતા, તેમાંથી તેમણે ત્રણ વિભાગ પાડ્યા હતા. એક ભાગના ચાર ક્રોડ સોનૈયા નિધાનમાં દાટેલા હતા. બીજા ચાર ક્રોડ સોનૈયા વ્યાજમાં તથા બાકીના ચારક્રોડ સોનૈયા વ્યાપારમાં રોકેલા હતા. તેમને ચાર ગોકુલ હતાં (દશહજાર ગાયોનું એક ગોકુલ જાણવું.) તેમને નિર્મલ શીલ, વિનય, વગેરે ગુણોને ધારણ કરનારી શિવાનંદા નામે ગૃહિણી (પત્ની) હતી. વાણિજ્યગ્રામની બ્હાર ઈશાન ખૂણામાં કોલ્લાગ નામનું એક પરૂં હતું. અહીં આનંદ શ્રાવકનાં સગાં સંબંધિજનો અને મિત્રો વગેરે રહેતાં હતાં. આ નગરની સામેના ભાગમાં દુતપલાશ નામનું ચૈત્ય હતું. ત્યાં એક વખત પ્રભુ શ્રીમહાવીરદેવ પધાર્યા. આ અવસરે વિશાલ પર્ષદા મળી. આનંદ શ્રાવકને આ વાતની ખબર પડતાં પ્રભુના આગમનથી તે ઘણા ખૂશી થયા, અને સ્નાન પૂજા વિગેરે કરી શુદ્ધ થઇને પોતાના પરિવારની સાથે પ્રભુની પાસે આવ્યા. અને વંદના કરી ઉચિત સ્થાને બેઠા. આ અવસરે પ્રભુદેવે ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવા માટે દેશના દેતાં જણાવ્યું કે—

भवजलहिम्मि अपारे-
दुल्लहं मणुअत्तणंपि जंतूणं ॥
तत्थवि अणत्थहरणं-
दुल्लहं सद्धम्मवररयणं ॥१॥

અર્થ—આ અપાર સંસાર સમુદ્રમાં ભટકતા જીવોને મનુષ્યપણું પામવું દુર્લભ છે. કારણ કે નિર્મલ દર્શન. જ્ઞાન અને ચારિત્રની એકઠી આરાધના કરવાથી મુક્તિપદ મળી શકે છે. અને દર્શનાદિ ત્રણેની એકઠી આરાધના મનુષ્ય ગતિમાં જ થઈ શકે છે. તે મનુષ્યપણામાં પણ અનર્થનો નાશ કરનારૂં અવિચ્છિન્ન પ્રભાવશાળી ત્રિકાલાબાધિત જૈનધર્મરૂપી (ચિંતામણિ) રત્ન મળવું વિશેષ દુર્લભ છે. જેને ચિંતામણિ રત્ન મળ્યું હોય, એનાં જેમ દુઃખ દારિદ્રયાદિ કષ્ટો જરૂર નાશ પામે. એમ ધર્મરૂપી ચિંતામણિ રત્નની આરાધના કરનારા ભવ્યજીવોના પણ, આ ભવમાં અને પરભવમાં તમામ દુઃખો નાશ પામે છે અને તેઓ જરૂર વાસ્તવિક સુખનાં સાધનો સેવીને આખરે અવ્યાબાધ પરમપદના સુખનો અનુભવ કરે છે.

દુર્ગતિમાં જતાં સંસારિ જીવોને જે અટકાવે અને સદ્ગતિના સુખ પમાડે તે ધર્મ કહેવાય. આ શ્રીધર્મના ૧ સર્વવિરતિ ધર્મ અને ૨ દેશવિરતિ ધર્મ. એમ બે ભેદ છે. જેમ જેમ કર્મોનું જોર ઘટે તેમ તેમ ભવ્ય જીવો દેશવિરતિ, સર્વવિરતિ વગેરે ઉત્તમ ગુણોને સાધી શકે છે. નિર્મળ ત્યાગ ધર્મની આરાધના કર્યા સિવાય આત્મિક ગુણોનો આવિર્ભાવ થઇ શકતો નથી. આથી જ પૂજ્ય શ્રીતીર્થંકરાદિ અનંતા મહાપુરૂષોએ આ પંચ મહાવ્રત સર્વવિરતિની આરાધના કરી પરમપદ મેળવ્યું છે. આ ઉત્તમ સર્વવિરતિ ધર્મ અંગીકાર કરવાને અસમર્થ ભવ્ય જીવોએ યથાશક્તિ દેશવિરતિ ધર્મની આરાધના કરવી જોઈએ. નિર્મલ ભાવથી દેશવિરતિધર્મની આરાધના કરનારા ભવ્ય જીવો મોડામાં મોડા આઠમે ભવે તો જરૂર મુક્તિપદ પામે છે.

આવી નિર્મલ દેશના સાંભળીને આનંદ શ્રાવકને શ્રદ્ધાગુણ પ્રગટ થયો. તેમને ખાત્રી થઈ કે પ્રભુદેવે જે બીના કહી છે, તે નિઃશંક અને સાચી છે.

પોતાના મિથ્યાત્વ શત્રુનો પરાજય થવાથી ખૂશી થઇને તેમણે પ્રભુ-દેવને કહ્યું 'હે પ્રભો ! આપે ફરમાવેલો ધર્મ મને રૂચ્યો છે, હું ચોક્કસ માનું છું કે સંસાર કેદખાનું છે અને ખરૂં સુખ સર્વ સંયમની આરાધના કરવાથીજ મલી શકે છે. પરંતુ મોહનીય કર્મની તથા પ્રકારની ઓછાશ નહિ થએલી હોવાથી હાલ હું ચારિત્ર ધર્મને અંગીકાર કરવાને અસમર્થ છું જેથી હું બાર વ્રતરૂપ દેશવિરતિ ધર્મનો અંગીકાર કરવા ઈચ્છું છું.' આ બાબતમાં પ્રભુ દેવે કહ્યું કે **जहासुहं देवाणुप्पिय ! मा पडिबंधो कायव्वो** હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, (આવા ઉત્તમ કાર્યમાં) વિલંબ કરશો નહિ.' પછી આનંદ શ્રાવકે પ્રભુની પાસે શ્રાવકનાં બારે વ્રત અંગીકાર કર્યાં. ત્યારબાદ યોગ્ય હિતશિક્ષા આપીને પ્રભુએ કહ્યું કે 'હે મહાનુભાવ ! મહા પુણ્યોદયે પ્રાપ્ત કરેલા આ દેશવિરતિ ધર્મની બરાબર આરાધના કરજો.' પ્રભુની આ શિખામણ અંગીકાર કરીને પ્રભુ શ્રીમહાવીરદેવને વંદન કરીને આનંદ શ્રાવક પોતાના ઘેર ગયા. ઘેર જઈને પોતાની પત્ની શિવાનંદાને ખૂશી થતાં થતાં બધી બીના જણાવી એટલે તેણે પણ પ્રભુની પાસે દેશવિરતિ ધર્મનો સ્વીકાર કર્યો.

આનંદ શ્રાવકના વ્રતાધિકારના પ્રસંગે શ્રી ઉપદેશપ્રાસાદ વગેરેમાં આ પ્રમાણે વિસ્તારથી કહ્યું છેઃ– શરૂઆતમાં તેમણે પ્રભુની પાસે દ્વિવિધ ત્રિવિધ નામના ભાંગાએ કરીને સ્થૂલ જીવહિંસાદિકના ત્યાગ સ્વરૂપ પાંચે અણુવ્રતો અંગીકાર કર્યાં. તેમાં તેમને ચોથા અણુવ્રતમાં સ્વ (પોતાની) સ્ત્રી સિવાયની અન્ય સ્ત્રીઓના પરિહારનો નિયમ હતો અને પાંચમા અણુવ્રતમાં (૧) રોકડ ધનની બાબતમાં ચાર કરોડ સોનામહોરો નિધાનમાં, ચાર કરોડ વ્યાજે, ચાર કરોડ વ્યાપારમાં એમ બાર કરોડ રાખી શકું. આ રીતે નિયમ કર્યો, તથા (૨) દશ હજાર ગાયોનું એક ગોકુળ થાય, એવાં ચાર ગોકુળ રાખી શકું (૩) એક હજાર ગાડાં અને ખેતીને માટે પાંચસો હળ અને બેસવાને માટે ચાર વાહન રાખી શકું. એવો નિયમ કર્યો. છઠ્ઠા દિશિપરિમાણ વ્રતમાં ચારે દિશામાં જવા આવવાનો યથાશક્તિ નિયમ કર્યો. (આ બીના સાતમા અંગમાં વિસ્તારથી વર્ણવી છે.) સાતમા ભોગોપભોગ વ્રતમાં સ્થૂલ દૃષ્ટિએ બાવીસ અભક્ષ્ય અને બત્રીસ અનંતકાય તથા પંદર કર્માદાનનો બની શકે તેટલો ત્યાગ કર્યો.

દાતણમાં જેઠીમધનું લાકડું, મર્દનમાં (તેલ ચોળવા, ચોળાવવામાં) શતપાક અને સહસ્રપાક તેલ. ઉદ્વર્તન (પીઠી)માં ઘઉં અને ઉપલેટનો પિષ્ટ (આટો). સ્નાનમાં ઉષ્ણ જલના માટીના આઠ ઘડા પ્રમાણ પાણી. પહેરવાનાં વસ્ત્રોમાં ઉપરનું અને નીચેનું એમ બે વસ્ત્રો વગેરે. વિલેપનમાં ચંદન અગુરૂ કર્પૂર અને કુંકુંમ. ફૂલમાં પુંડરીક કમળ અને માલતીનાં ફૂલ. અલંકારમાં નામાંકિત મુદ્રિકા(વીંટી) તથા

બે કુંડળ. ધૂપમાં અગરૂ અને તુરૂષ્ક. પેય (પીવા લાયક) આહારમાં મગ,ચણા વગેરે તળીને કરેલ અથવા ઘીમાં ચોખાને તળીને બનાવેલો ચોખાનો પ્રવાહી પદાર્થ (રાબડી આદિ). પકવાન્નમાં ઘેબર અને ખાંડના ખાજાં. ભાતમાં કલમ શાલીના ચોખા; કઠોળમાં અડદ અને ચણા. ઘીમાં શરદ્ ઋતુનું થએલું ગાયનુંજ ઘી; શાકમાં મીઠી ડોડી ને પલવલનું શાક. મધુર પદાર્થમાં પલ્યંક. અનાજમાં વડા વગેરે. ફળમાં ક્ષીરામલક (મીઠાં આંબળાં) વગેરે તથા જળમાં આકાંશમાંથી પડેલું પાણી, અને મુખવાસમાં જાયફળ, લવીંગ,એલાયચી, કક્કોલ અને કપૂર આ પાંચ પદાર્થોથી મિશ્રિત તંબોલ. એમ ઉપર જણાવેલ ચીજો વાપરી શકાય. તે સિવાય બીજાનો ત્યાગ કર્યો. શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં આ બીનાં વિસ્તારથી જણાવી છે. આ પ્રમાણે દેશવિરતિ ધર્મની સાધના કરવામાં ઉજમાળ બનેલાં બંને દંપતીએ ચૌદ વર્ષ સફલ કર્યાં.

એક વખત મધ્ય રાતે આનંદ શ્રાવક જાગી ગયા અને આ પ્રમાણે ધર્મજાગરિક (ધર્મનું ચિન્તવન) કરવા લાગ્યા. કે ‘અહો ! રાગ દ્વેષ પ્રમાદમાં મારૂં જીવન ઘણું વીતી ગયું. માટે હવે જલ્દી ચેતી ધર્મારાધનામાં વિશેષ ઉદ્યમ કરવો જોઇએ. ગએલો સમય પાછો મેળવી શકાતો નથી; માટે હું હવે પ્રમાદ દૂર કરીને શ્રાવકની અગીઆર પ્રતિમાની યથાશક્તિ આરાધના કરી માનવ જન્મ સફલ કરૂં. આ પ્રમાણે વિચારીને સવારે પોતાના કુટુંબને તથા સગાં વ્હાલાંને બોલાવ્યાં, તેમનો ભોજન વસ્ત્રાદિકવડે આદરસત્કાર કરીને તેઓની સમક્ષ આનંદ શ્રાવકે મોટા પુત્રને ગૃહાદિનો વહીવટ સોંપ્યો. ત્યાર બાદ પોતે નીચે જણાવ્યા મુજબ પ્રતિમાઓનું વહન કરવા તૈયાર થયા. પ્રતિમા એટલે એક જાતનો વિશિષ્ટ અભિગ્રહ. (પ્રતિજ્ઞા-નિયમ) તે અગિઆર પ્રતિમાઓનું સ્વરૂપ ટુંકામાં આ પ્રમાણે સમજવું.

(અપૂર્ણ)

## ઋષભદેવ સ્તવન.

લે. મુનિ મલયવિજયજી.

વિનિતા વલ્લભ વિનવું, મરૂદેવી માત મલ્હાર હો,
નંદન નાભિ નૃપના, સુરસેવિત સુખકાર હો. વિનિતા.—૧
યુગલાધર્મ નિવારીઓ, રાજ્યનીતિના કરનાર હો;
રાજ્ય ભળાવી ભરતને, લીધો સંયમ ભાર હો. વિનિતા.—૨
કર્મ કઠીન કાપીને, પામ્યા કેવળ શ્રીકાર હો;
સમવસરણુમાં બેસીને, ધર્મના પ્રવર્તન હાર હો. વિનિતા.—૩
ભવભયભીત ભવ્યનાં ભવભયનો ભંજનહાર હો;
ભવ્યજીવને પ્રતિબોધિને ઉતર્યા ભવનો પાર હો. વિનિતા.—૪
મોહમલ્લને મોડીને મોક્ષસુખના દાતાર હો;
ભાવથી નીતિ સેવતાં, પામે મલયજ ગંધ સાર હો. વિનિતા.—૫

# ધર્મ વિચાર

લેખકઃ—ઉપાધ્યાયજી શ્રીસિદ્ધિમુનિજી

( ગતાંકઃ— પૃષ્ઠ ૧૮૨ થી અનુસંધાન )

## મંત્ર તંત્રના ઓઠા તળે ચાલતા ધતીંગો.

(૧૭) સંસાર દુઃખમય છે. ભાગ્યે જ કોઇ અહિં એવું મળી આવશે કે જે કોઇના કોઈ દુઃખ પાછળ રડતું નહિ હોય ! કોઇને લક્ષ્મીની તો કોઇને પુત્રની, કોઇને સ્ત્રીની તો કોઇને નિરોગતાની, કોઇને યશઃકીર્તિની તો કોઇને સત્તા અધિકારની, એમ કાંઈ ને કાંઇ જરૂરિયાતોને આ જગત ઝંખી રહ્યું છે અને તેના માટે તે જાહેર કે છુપાં આંસુ પાડી રહ્યું છે. આવા બહુધા દુખીયારા જગતની આગળ કોઇ મંત્ર તંત્રાદિના અથવા અન્ય કોઇ તેવા પ્રકારના ચમત્કારની વાત કરે તો તેને તેના જેવો પ્રિય અને તે વાતના જેવું મિષ્ટ બીજું કોઇ હોય નહિ. સ્વાર્થી જગતની આગળ, આજ કારણથી, દંભીઓ અને ધૂર્તો દેખાવ દેવાને લલચાય છે.

મંત્ર, તંત્ર અને ભૂત-વ્યંતરની વાતો સાવ ખોટી નથી, તેમ જ જ્યોતિષ અને સામુદ્રિકાદિ શાસ્ત્રો સાવ નકામાં કે હમ્બગ છે એમ પણ નથી, પણ એ વાતો અને શાસ્ત્રોના ઓઠા નીચે કાંઈ ઓછું ધતીંગ ચાલતું નથી. અનિશ્ચિત જ્ઞાન ધરાવનારા અર્ધદગ્ધો સ્વાર્થી જગતની પાસેથી પૈસા પડાવવા અધુરા જ્ઞાનની જે ઇન્દ્રજાળ રચે છે તે એવી હોય છે કે તેમાંથી વિરલ જ કોઈ બચી શકે. 'કેળવાયલા કપટનો અંત બ્રહ્મા ય પામી શકે નહિ' એ લૌકિકોક્તિ લક્ષ્યમાં રાખવા જેવી છે. આબુ કે ગિરનારના અવધૂતોથી કે ઉંધામતીઓથી કોણ ન ઠગી શકાય ? ચમત્કારની વાતનું વાતાવરણ જ અજબ હોય છે !

સંતાનની ખામી ધરાવનારી, પતિને વશમાં લેવા ચ્હાનારી કે ગમે તે કારણે પતિને અપ્રિય થઇ પડેલી હોઇ પ્રિય થવા મથતી બિચારી ભોળી બાઈ કોઇ ચમત્કાર બતાવનારની રાહ જોતી હોય છે, ત્યાં દંભી ધુતારાઓની કિમ્મત કેમ ન થાય ? 'છુમંતર' કરનારાઓ તેમને ભ્રમણામાં નાખવા તૈયાર બેઠા જ હોય છે અને જ્યોતિષ તથા સામુદ્રિક જોનારા અલેલટપ્પુઓ શેરીઓમાં આંટા મારતા આવતા જ હોય છે. આવા લોકોની આજુબાજુ સ્વાર્થઘેલી સ્ત્રીઓ વીંટળાઈ વળે છે. એ ધૂર્ત ઢોંગીઓ અનેક કાવાદાવાથી તેમના ધનને પડાવે છે, એટલું જ નહિ પરંતુ કોઇ કોઇ વાર તેઓમાંના ઉસ્તાદો તેમના મહામૂલા શિયળને અને વખતે તેમની જાતને પણ લઈ

રસ્તો પકડે છે. વધારે ખેદની વાત તો એ છે કે, એ દંભીઓ ઘણીવાર ધર્મના ઝભ્ભામાં ખડા થાય છે અને એ અજ્ઞાન સ્ત્રીઓની ધર્મશીલતાનો લાભ લઇ તેમને ફસાવી તેમના ધન અને શિયળનું હરણ કરે છે. જ્યાં ખાધેલ સટોરીયા જેવા ચાલાક પુરૂષો પણ જ્યોતિષાદિથી આંક ફરક અને ભાવતાલ નીકાળવાના બ્હાના નીચે છક્કડ ખાઇ આવાઓના પંજામાં સપડાઈ જતા હોય ત્યાં બીચારી આ ભોળી બાઇઓની શી વાત કરવી?

તાવ આવ્યો એટલે પથ્ય સાચવવું જોઇએ અને યોગ્ય ઔષધોપચાર આદરવા જોઇએ એ સાદી અને સીધી વાતને છોડી દઇ જે દેશમાં દોરા ધાગાની ગેરસમજ પુરૂષવર્ગમાં પણ ચાલતી હોય અને તેવા પ્રકારના ભુવાઓને એકદમ પ્રાથમિક નિમંત્રણ થતું હોય, તે દેશ કેટલો વ્હેમી અને નિર્બળ મનનો સમજવો? આવા દેશના લોકો ગુરૂની અને પ્રભુની કિમ્મત મંત્ર તંત્ર કે તેવી જાતની વિદ્યાના ચમત્કારમાં જ આંકતા થાય એ સ્વાભાવિક છે.

કોઈ કોઇવાર સાચા અને પવિત્ર પુરૂષો છુપા જ રહે છે અને દંભી લોકો પૂરપાટ પૂજાય છે, તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ આ ચમત્કારની બનાવટ પણ છે. અનીતિ, ચિંતા, અવ્યવસ્થા, કર્મવિપાક વિગેરે અનેક કારણોથી થતી હાનિ કોઈ કોઇવાર ભળતા જ નિમિત્તો પર ઢોળી દેવાય છે એ પણ ચમત્કાર શબ્દમાંથી જ જન્મેલો ચમત્કાર છે. પરિણામે, ગામમાંથી ધન જતું રહ્યું કે જન સંખ્યા ઓછી થઇ માટે શ્રીજિનેશ્વરદેવનું મંદિર કે ખુદ જિનેશ્વરની મૂર્તિને ફેરવાફેરવ કરો, આવી વાતો કરવામાં કે તેનો અમલ કરી થાપ ઉત્થાપન કરી દેવામાં આજનો અજ્ઞાન વર્ગ કયાં વાટ જુવે છે? ઉત્પન્ન થયેલા વહેમને પોષવામાં કે નવેસરથી વહેમ જગાવવામાં, કોઇ ન સમજી શકે તેવો છુપો સ્વાર્થ ધરાવનારા ધર્મદંભીઓને પણ મંદિર મૂર્તિઓના ઉત્થાપન અખતરાઓમાં ભળી જતાં વાર લાગતી નથી. પૂર્વ પુરૂષોનાં પ્રભાવિક કર્તવ્યોથી જૈન જનતાના હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન કરવાનું કાર્ય આ લોકોને ઠીક બર આવે છે. અંધશ્રદ્ધાળુ અને ગાડરીયા પ્રવાહી જનોને ખબર નથી કે, આજકાલ મંત્ર તંત્રાદિની લે દેમાં ગુરૂ શિષ્યની અંગત ખામીઓને લઈ વ્યવહારૂ સચ્ચાઇ ભાગ્યે જ નજરે પડે છે. સાચા મંત્ર તંત્રાદિ વેત્તાઓ, જ્યોતિષીઓ કે સામુદ્રિકો આજ કાલ કયાંય દેખાતા નથી. આ વિષયનો કોઇ બહોળો અભ્યાસ અને તપાસ કરશે તો તેને જરૂર જણાયા સિવાય રહેશે નહિ કે, કેટલાક સમયથી ગુરૂગમ ઘણો જ ઓછો થઈ જવાથી આ વિષયનું જ્ઞાન બધું ઉપરચોટીયું અને તેના પ્રયોગ બધા હમ્બગ જ ચાલે છે. ઘણાખરા લોકો પોતાની આશાઓ પૂરવાની ખાતર જ બીજાઓને ભ્રમમાં નાખી ઠગી લેવા આવા પ્રયોગ કરતા હોય છે. અપવાદ તરીકે ગુરૂગમ પ્રાપ્ત સાચો શખ્સ કવચિત્ હોય, પણ તે ભાગ્યે જ બહાર આવે છે, બહાર આવતો જ નથી એમ કહીએ

તો પણ ચાલે અને અલ્પજ્ઞ દંભીઓથી આશાવાદી કોઇની દાળ સીઝતી નથી. સોનાસિદ્ધિ માટે મથનારાને તેમાં ધનાદિથી ખુવાર થનારા અને વળી પાછા જ્યાં ત્યાં-લાલચ આપનારાઓની પાસે તેના પ્રયોગોની યાચના કરનારા એવા સેંકડો નજરે પડે છે. કેટલી ભોળી દુનિયા! અજ્ઞજનો કેવા સ્વાર્થી, લાલચુ અને દંભીઓની આગળ આશા રાખી અટવાય છે! આ વાતનો ઇતિહાસ ઠગાયલા, ખુવાર થયેલા એ લોકો પાસેથી સાંભળ્યો હોય તો ખરેખર રસ પડે એવો અને છેવટે ખેદજનક થઇ પડે એવો કરૂણાત્મક છે.

કોઇ કોઇ વખત દંભમાં ઉઘાડા પડી જતા કંઇક દંભીઓને બોલતા-બચાવ કરતા સાંભળીએ છીએ કે, "દુનિયા આવો દેખાવ કર્યા વિના કયાં પૈ પૈસો સહજ આપી દે એવી છે. એ તો બધું એમ જ ચાલે! ભાઇ સાબ! અમને અમારૂં એમ જ કૂટવા દ્યો." "દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ," એ ન્યાય સેંકડો વાર નજરે ચડ્યા છતાં ગરજવાન અક્કલહીન માનવી દુનિયામાં ચાલતાં ધતીંગને સમજી શકતો નથી અને તે જ્યાં ત્યાં વ્યર્થ દોરા ધાગા માટે તથા મંત્રેલાં પાણી પીવા માટે ફરી ફરી દોડી વળે છે. અમારા વાસક્ષેપમાં પણ આ ધતીંગે ક્વચિત્ થોડો ઘણો પ્રવેશ કરવા માંડ્યો છે. એ વાસક્ષેપના ચમત્કારથી ચેલા થાય છે, સંતાન થાય છે,આશાઓ ફળે છે વિગેરે વાતોમાં કેટલાકોને રસ છે! સાધુઓના ઓઘાઓમાં કામણ ભર્યાં છે એવી વાતોના વહેમો આજે પણ સેવાય છે. કામરૂ દેશની કથનીઓ કે ચકલી કરી ઉડાડી મુકવાની વાતો હજુ પણ આછી આછી ચાલતી સાંભળીએ છીએ. જો કે મહાન યતિઓએ આ વિષયમાં પોતાનું સામર્થ્ય જગતને બતાવ્યું છે અને આજકાલ પણ તેવો કોઇ સમર્થ હોય અને તે સ્વશક્તિ જગતને બતાવે તો.તેમાં કાંઈ ના કહેવાય નહિ અને તે જો જૈન ધર્મનો પ્રભાવક હોય તો તેને વધાવી પણ લેવાય, પણ ગમે તેવા પામર સ્વાર્થી લોકો આવી વાતોના બ્હાના હેઠળ ભોળી જનતાને ઠગે તે તો સર્વથા અસહ્ય જ છે. આથી પણ વધારે અસહ્ય અને હાનિકારક એ છે કે, ધર્મગુરૂઓની પાસે ધર્મ સંબંધનું લક્ષ્ય ભુલાઇ કેવલ સ્વાર્થનો જ સંબંધ બંધાય એવા સંબંધથી ગુરૂવર્ગનો અને ધર્મપ્રવૃત્તિનો નાશ અને હાનિ થતાં પ્રત્યેક ધર્મના ઇતિહાસે સગી આંખે જોયાં છે.

સૌ કોઇ જાણે જુવે છે કે, હિંદના બાજીગરો ઘણા અજબ પ્રયોગો કરી બતાવે છે, પણ આ પ્રયોગોથી લોકો સ્હેજાસ્હેજ ઠગાતા નથી; જ્યારે આ આર્યદેશના ધર્મગુરૂઓમાં અજબ વિશ્વાસ હોવાથી તેઓ જો એવું એકાદ બાજીગરી ટીંખલ બતાવનાર અને પછીથી ધીરે ધીરે સેંકડો આશાભરી હમ્બગ વાતો કરનાર એવા ધર્મગુરૂની સ્વાર્થી જાળમાં જરાક નજીક આવી જાય તો, સહજ તેમાં સપડાઈ જાય છે. પણ નૈતિક તથા ધાર્મિક દૃષ્ટિએ આનું અંતિમ ઘણું જ અનિષ્ટ છે. કોઇ સામર્થ્યવાન ધર્મ-

ગુરૂ 'લૌકપંક્તિ'માં પડી લોકની આશાઓ સફળ કરવા ચાહે અને તેમાં પ્રાથમિક ફાવટ પણ આવે તેથી લાભ શો ? ઘર બાળીને તીરથ કરવાના કરતાં યે આ ખરાબ વાત છે. આ જ કારણથી પવિત્ર ત્યાગીઓને માટે એવી પરોપકાર વૃત્તિમાં પડવાની ઉત્સર્ગ માર્ગે સર્વથા ના જ ભણી છે. શાસ્ત્રકારોએ એવા ચમત્કારો દર્શાવવામાં અને જનતાના લાભો વિચારવામા બહુ બહુ દોષોનું નિરૂપણ કર્યું છે. મોક્ષાભિલાષીઓને એવા બાહ્ય આડંબરમાં અને પૌદ્ગલિક લાભોના વિતરણમાં કદિ પણ રસ ન હોય. એ વિરાગીઓને અલબત્ત, દાક્ષિણ્યતા હોય પણ જગતને તારવાની વાતોમાં જ, નહિં કે ઉપરોક્ત તુચ્છ વાતોમાં આજ કારણથી '**महावीरो**' અને તેમના અનુયાયી મહાપુરૂષોએ નિર્દોષ જપ તપાદિનાં જ વિધાન કરેલાં છે તેમાં ધાર્મિક લાભ સિવાય બીજો કોઈ લાભ સાધવાની વાત જ હોતી નથી.

બાર માસમાં એકે દહાડો કોઇ પણ ગુરૂનું મુખ ન જોનાર '**उवसग्गहरं**' ના કે **वर्धमानविद्या**'દિના કલ્પને માટે પુરોભક્ત બની જાય કે દાનશૂર થઇ જાય અથવા તો ધર્મીષ્ઠ બની જવાની વાતો કરતો થઈ જાય અને આવા ઐહિક લાલચુને તેવો બનાવવા માટે જે ગુરૂ પોતાની જાતને વિશિષ્ઠ માનવા લાગી જાય તેનો જૈનશાશનમાં કોઇ અર્થ જ નથી. એ ગુરૂ, એ ભક્ત અને એ સિદ્ધાસિદ્ધની વાતોમાં પરિણામ શૂન્ય જ આવવાનું. છેક નીચે ગબડી પાડનારી એ બધી લપસણી જ વાતો છે. માટે તે માર્ગે ન જવામાં જ જૈનત્વની રક્ષા અને હિત છે.

આજે કાંઈ લખાઇ રહ્યું છે તે વ્યક્તિગત કે સમદૃષ્ટિગત કટાક્ષ નથી, પણ ઢોંગ અને દંભથી રમનારા ગૃહસ્થો અને ત્યાગીઓ જગતમાં જે ઠગબાજી ચલાવી રહ્યા છે તેમાં અજ્ઞ શ્રદ્ધાળુ ભોળા લોકો ન ફસાય એટલા જ માટે છે. ઉપરાંત, ગણીવાર મંત્રતંત્રાદિના ચમત્કારોના કે જ્યોતિષાદિની આગાહીઓના આશ્રય નીચે આશાવાદી આળસુઓ પ્રયત્ન ન કરતાં વધારે ખુવાર થાય છે અને વધુના વધુ સીદાય છે તેથી અટકે એ પણ હેતુ છે. 'કાગને બેસવું અને તાડને પડવું' એ ન્યાય પણ ભૂલી જવાય છે તે આ લખાણથી સુજ્ઞોને–વિચારશીલોને યાદ આંવે એ રીતે પણ આ લેખની સાર્થકતા છે.

કોઇ એક જ્યોતિષી પાંચને મંદી કહે, બીજા પાંચને તેજી કહે અને વળી ત્રીજા પાંચને ભાવના પડ્યા રહેવાની વાત કરે, આવાના રમત પંજામાંથી બચવાનો માર્ગ સૌએ શીખી લેવો જોઇએ. અંધશ્રદ્ધા કાંઇ ઓછું નુકશાન કરતી નથી. આવી અંધશ્રદ્ધા નાશ કરવાને આવાં લખાણોની જરૂરિયાત કેમ ન હોય ? કોઈ શખ્સ જૈન સાધુને ગમે તે લૌકિક લાભની આશાથી વળગે ને તે, મહત્તાની ખાતર કે અન્ય કોઇ કારણે ખોટો ડહોળ કરી ગુરૂગમ સિવાય લખેલાં ગમે ત્યાંથી હાથ લાગેલાં પાનાં પરથી કાંઇ કહી દે. પરિણામ એ આવે કે–એથી સામાનો દહાડો વળે નહિ. અને

તેને ગુરૂ પર અને પછી સામાન્ય રીતે સર્વ ગુરૂ પર અશ્રદ્ધા થાય. ઉપરોક્ત સાધુ અસત્યનો ભાગી થાય અને ચાલી જતી મહત્તા સાચવવા તેની સાચી ખોટી જે કહેલું હોય તેને લગતી ખામીઓ કાઢી છટકે અને સિદ્ધનો સિદ્ધ રહેવા મથે; આ પરિસ્થિતિ કેટલી બધી ધર્મને, ગુરૂ વર્ગને અને એ આશાથી વળગનારને અહિતકર છે? વળી આવી જગતની જંજાળમાં પડનારો સ્વચારિત્રથી નીચે ઉતરી પડે છે, અને તેને એ ખટપટ-પંચાતમાં ખરૂં આત્મિક લક્ષ્ય વિસરાઇ જાય છે. 'महावीरो'નો સિદ્ધાંત કર્મ-વિપાક પર છે, તેની પણ તે વખતે સખ્ત અવગણના થાય છે; આ બધી વાતો લક્ષ્યમાં રાખીનેજ પૂર્વાચાર્યોની જેમ આ વિષયમાં વર્તવું જોઇએ. સ્વાર્થી દુનિયાના પ્રવાહે તણાઇ જવું એ આત્માર્થીઓને માટે ઉચિત નથી. મહત્વનાં ધર્મકાર્યો તો ભાગ્યે જ સધાય. તેને માટે જે શકિત જોઇએ તે સારી છે, પણ તે મેળવવી દુર્લભ અને મુશ્કેલ છે; અને નજીવી વાતોથી મહત્ત્વનું હિત સધાતું નથી, એ શત્રુંજયના મુંડકા પ્રશ્નથી સર્વના ખ્યાલમાં આવ્યું હશે. 'जयप्राभृत' જેવા મહત્ત્વના ગ્રંથોનો પૂર્ણ ઉપયોગ કરવાની શકિત કોનામાં કેટલી છે? 'वाचक शान्तिचन्द्र' જેવા સમર્થ કોઇ ભલે બહાર આવે. શકિતને મેળવવી એની ના નથી, પણ ધર્મરક્ષા અને ચારિત્ર રક્ષાદિ થવાં જોઇએ. દંભ અને અસત્ય ન જ જોઇએ. ભોળાં જૈન સ્ત્રી પુરૂષોને દંભના ખાડામાં પડતાં બચાવવાં જોઇએ. નકામી નબળાઇઓ અને વહેમ તેમને વધારે નબળાં ન બનાવે, એની સાવચેતી રાખતાં થાય, એવો ઉપદેશ થવો જોઇએ.

વીતરાગની ભક્તિનું ફલ અને તેમનાં સ્તોત્ર-સ્મરણ આદિનું ફલ એ સર્વ લોકોત્તર રીતે સ્વતંત્ર માનવું જોઇએ. જ્યારે અધિષ્ઠાયક દેવતાઓની અનુકૂલતાનો પ્રશ્ન એથી અલગ રાખી સ્વતંત્ર જ વિચારવો જોઇએ. કદિ પણ એ બન્ને વાતોના મુખ્ય કે પ્રાસંગિક ગૌણભાવમાં ભેળસેળ કે વ્યત્યય કરી નાખવો જોઇએ નહિ. બાધા તેમજ માનતા વિગરેથી દેવાધિદેવની ભક્તિમાં મિથ્યાત્વનો પ્રવેશ કરી નાખવો જોઇએ નહિ. ચિંતામણિ રત્નને કાચના ટુકડાની કિમ્મતે મૂલવી તેની અવજ્ઞા કરવામાં આવે એ જેમ સર્વથા અનુચિત છે, તેમ તીર્થંકરની ભક્તિનું ફલ અલ્પ-હીન યાચવું તે પણ સર્વથા અનુચિત છે. યોગ્યને યોગ્ય રીતે જ પૂજવા જોઇએ. સાથે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે, સમ્યક્દૃષ્ટિ દેવતાઓ કાંઇ તમારા માટે નવરા બેઠા નથી કે સહજાસહજ તમારે આધીન થઇ જાય અથવા જ્યારે તમે ઇચ્છો ત્યારે તમને એકદમ મદદ કરવા દોડયા આવે. સામાન્ય માણસ કે પશુ સરખાં પણ એમ અલ્પ પ્રયત્ને વશમાં આવતાં નથી, તો પછી દેવોને ઇચ્છામુજબ દોરવા એ શું રમત છે? શક્તિમાન મહાત્માઓ પણ જેવાં તેવાં સામાન્ય કાર્યોમાં આ દેવોને નિયોજતા નથી. અને મલીન દેવતાઓથી તો મેલી જ બાબતો બહુધા સધાય, એમ-

નાથી મહત્ત્વનું હિત ભાગ્યે જ સધાય છે. તો પછી શ્રદ્ધાને ગુમાવી આત્મામાં મલીનતા ઉપજાવી શા માટે ? વીતરાગ દેવ, સદ્ગુરૂ અને સદ્ધર્મના શરણે જ રહી સ્વકીય શુભાશુભ કર્મપર આધાર રાખી ધર્મ આદરવો અને છાજતો પુરુષાર્થ કરવો એ જ ઉત્તમ આદરણીય માર્ગ છે. 'મહાવીરો' અને તેમના શિષ્યો તથા શ્રાદ્ધો આ જ માર્ગે ગમન કરે છે. તેઓ કદિ પણ આથી અન્ય માર્ગે પગલાં માંડતા નથી.

(અપૂર્ણ.)

# વિદ્યાર્થીઓને–ઉપદેશ.

[ રચયિતા : મુનીશ્રી—**લક્ષ્મીસાગરજી** ]

**ગઝલ.**

જગતમાં સર્વથી સાચું, જીવન વિદ્યાર્થીનું માનો;
સદા સંયમ તપે ન્યારૂં, જીવન વિદ્યાર્થીનું માનો. ૧
પુરાણા કાળથી ઉત્તમ, અમર વિદ્યાર્થી આલમ એ;
સદા સંસ્કારમય સુંદર, વિમલ વિદ્યાર્થી આલમ એ. ૨
સમયના વ્હેણની સાથે, અસંયમ પાપમાં ધસતા
નિહાળું એ જ શિષ્યોને, કુટેવોમાં ઘણા ફસતા. ૩
ભુલ્યા શુભ માર્ગ વિદ્યાર્થી, બન્યાતે કેમ રે સ્વાર્થી
સદા સીગરેટના સાથી, કુછંદોના સદા અર્થી. ૪
મુકી સ્વાધ્યાયને નાસે, સદા હોટલ તણા દ્વારે;
તજી વિદ્યા તણી પોથી, ભમે પનઘટ તણા આરે. ૫
ગુરૂ ચરણો ગણો પ્યારા, તજી તેની અરે સેવા;
મળે ક્યાંથી પછી શાન્તિ, અને કયાંથી મળે સેવા. ૬
અરે વિદ્યાર્થીઓ આવો, રૂડા ધર્મે તમે રાચો;
વ્રતોની સર્વ દીક્ષા લ્યો, ગુરૂ ચરણો સદા યાચો. ૭
નથી ભૌક્તિક સુખો માંહી, વસી શાંતિ કદી સાચી;
સદા આત્મા તણા ધ્યાને, રહી શાન્તિ સુખે નાચી. ૮
મનુજનો દેહ છે મોંઘો મળે તે પુણ્ય શાળીને;
સફળ કરવો શીખીલ્યો એ, તમારાં કર્મ બાળીને. ૯
ગણો **લક્ષ્મી** તણો **સાગર**, વિમલ વિદ્યા સદા સાથી
**અજિત બુદ્ધિ** બને જ્ઞાની, પરમ પદમાં જશો શાથી ? ૧૦

# જૈનાચાર્ય વિજયનિતિસૂરીશ્વરજીમહારાજના વિચારોનું આંદોલન.

## કર્મવીર રાજપુત્ર ચંદ

લેખકઃ—આચાર્ય વિજયકલ્યાણસૂરિ

મનુષ્યે સુખમય જીવન વ્યતિત કરવા માટે ઉચ્ચતમ મનોવૃત્તિઓને પોતાના હૃદયમાં ધારણ કરવી જોઇએ. આપણા ચિત્તમાં જે પ્રમાણે વિચારો ઉદ્ભવે છે; તે જ પ્રમાણે કાર્યમાં પ્રવૃત્ત બનીએ છીએ. આપણા અવયવોની ગતિનો આધાર પણ વિચારો ઉપર જ રહેલો છે. આવો ગાઢ સંબંધ આપણાં કર્મ અને વિચાર વચ્ચે રહેલો હોવાથી, વિચારો શુદ્ધ રાખવા એ આપણું કર્તવ્ય છે અને તેમ થવા સારૂ સજ્જન પુરૂષોનો સહવાસ આવશ્યક છે. તેઓ જે માર્ગ બતાવે તે આપણા હિતનો માર્ગ છે એવો રૂઢ ભાવ ધરી તેમના ઉપદેશોના અનુસરણ રૂપ આપણું વર્તન થવું જોઈએ, અને કર્મકૃપાએ આવો સંતસમાગમનો લાભ પ્રાપ્ત થાય તો તેમના બોધથી ગ્રહણ કરેલા માર્ગમાં પૂર્ણતા કેમ સંપાદન કરી શકાય, તે જાણી લેવું જોઇએ. પરંતુ આવા પ્રસંગો કાંઈ સર્વને મળી શકતા નથી. આથી એવા મહાન્ પુરૂષોનાં આદર્શ જીવનનું લક્ષ્યપૂર્વક મનન કરવું ઘટે છે; તેમના જીવનમાંથી સદ્ગુણો ઉંચકી લઇ જીવનસાર્થક્યને અર્થે પોતે સદ્ગુણશાળી બનવું ઘટે છે.

રાજપુત્ર ચંદ્રનું જીવન એવું જ શુદ્ધ અને અનુકરણીય હોવાથી તેની ટુંક વાર્તા અત્રે આપવી આવશ્યક વિચારાઇ છે.

ઈ. સ. ૧૫૦૦ ના અરસામાં રજપુતસ્થાનમાં મેવાડનું રાજ્ય ઘણું સુપ્રસિદ્ધ હતું. એ રાજ્ય ઉપર તે સમયે લાખારાણાની સત્તા ચાલતી હતી[1] લાખોરાણો પરાક્રમી અને પ્રજાવત્સલ હતો. તેને ચંદ નામે સર્વગુણસંપન્ન એક પુત્ર હતો. ચંદ ઉપર લાખારાણાનો ઘણો પ્રેમ હતો. પોતે વૃદ્ધ થયો હોવાથી રાજ્યનો સર્વ કાર્યભાર ચંદને સોંપી પોતાનું અવશિષ્ટ જીવન તીર્થયાત્રા તથા પરમાર્થિક કાર્યોમાં વ્યતીત કરવાનો તેનો વિચાર હતો. ચંદ સર્વ વાતે નીપુણ હતો. વળી તે યુવાન્ શૂરવીર અને પ્રજ્ઞ હતો.

પ્રજાનો તેના ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. યુવાની ઉન્માદિની કહેવાય છે; અને તે વખતે કોઇક જ નરમ, શાન્ત અને પ્રજ્ઞ હોય છે. ચંદ આવો હતો અને આને હસ્તે રાજ્યતંત્ર સારૂં ચાલશે, એમ સર્વનું માનવું તથા કહેવું હતું,

પરંતુ મનુષ્યનું ધાર્યું કયારે સફળ થયું છે! વિધાતાની વિચિત્ર ગતિથી કોણ અજાણ્યું છે? એકપક્ષે મનુષ્ય પોતાના મનોરાજ્યમાં એક કલ્પના ઉઠાવે છે. અમુક માર્ગ ગ્રહણ કરવાની આવશ્યકતા

૧ કચ્છમાં થયેલા લાખા રાણાથી આ જુદા લાખારાણા છે.

વિચારે છે, ત્યારે બીજા પક્ષે વિધિએ પોતે રચેલી સૃષ્ટિને નિયમિત રાખવાને કોઈ બીજાજ પ્રકારની ઘટનાની જરૂર જણાય છે. પ્રાણીમાત્રને તેના આ ધોરણને અનુસરીને ચાલ્યા સિવાય છૂટકો નથી. વિધિને હાથ બિચારાં પામર પ્રાણીઓ રમકડા સમાન છે. વિધિ જેમ નચાવે છે તેમ તેમને નાચવું પડે છે.

લાખોરાણો પોતાના પુત્રને રાજ્ય સોંપીને વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરવા વિચાર કરતો હતો ત્યારે વિધાતાએ તેને માટે કાંઈ ઓર ઘટના નિર્માણ કરી હતી. વિધાતાના ઉદરમાં શું છે. તે લાખોરાણો કયાંથી જાણી શકે ? રાજપુત્ર ચંદ શીકારનો ઘણો શોખીન હતો અને વારંવાર તે શીકારે નીકળી પડયો હતો. એક દીન તે આ પ્રમાણે શીકારે ગયો હતો. તે વખત લાખારાણાના દરબારમાં મારવાડના રાજા તરફથી એક બ્રાહ્મણે આવીને રાજપુત્રી કમલાવતીને પરણવા લાખાને વિનંતી કરી. રાજાને ઘણું આશ્ચર્ય ઉત્પન્ન થયું. તે બોલ્યો. ભૂદેવ ! તમે આ માગણી શા વિચારથી કરી ? હું હવે વૃદ્ધ થયોછું. રાજપાટ મારા પુત્ર ચંદને સોંપીને હું તીર્થયાત્રાએ જવા વિચાર રાખું છું; જીવનનો બાકી રહેલો કાળ પ્રભુભક્તિમાં નિર્ગમન કરી, નિવૃત્તિમાર્ગ ગ્રહણ કરી, શાન્તિસુખ ભોગવવા વિચાર કરૂં છું; ત્યાં આ ઉપાધિ શા કામની ! મારે એની આવશ્યકતા જ કયાં છે ? મને એવી ઇચ્છા પણ શી રીતે હોઈ શકે ? માટે બ્રહ્મદેવ ! તમારી વિનંતી હું કોઇ પણ રીતે માન્ય કરી શકતો નથી. " આ પ્રમાણે દરબારમાં વાતચીત ચાલી રહેલી છે. તેવામાં રાજપુત્ર ચંદ, શીકારેથી પાછો ફરીને ત્યાં આવી ચઢયો. પિતાને પ્રણામ કરી તે પોતાને સ્થાને સ્થિત થયા પછી રાણાએ તેને મારવાડના રાજાની રાજકન્યાને લગતો પ્રસંગ કહી બતાવ્યો અને મજકૂર રાજયની કન્યાનું માગું પાછું વાળવું અયોગ્ય જણાવી સૂચના કરી કે– "તારે એ કન્યાને સ્વીકારવી" ચંદને તેમ કરવું યોગ્ય લાગ્યું નહી. પોતાની અસમ્મતિનું કારણ જણાવતાં તેણે કહ્યું. "જે કન્યાને પિતાએ એક વખત કલ્પનામાં પણ પોનાની સ્ત્રી તરીકે ધારી પછી ભલે તે કદાચ મશ્કરીમાં હોય અથવા તો બીજી કોઇ ધારણાથી હોય તેમજ જાહેર રીતે તે કન્યાનો અને તેનાં માતાપિતાનો અમુક પ્રકારનો સંકલ્પ જણાવ્યો, તેની સાથે આ જન્મમાં હું કદી પણ લગ્ન કરી શકું નહીં. એ કન્યાતો મારી માતા સમાન જ લેખાય અને તે જ પ્રમાણે હું તેને ગણીશ. પિતાજી ! કન્યાનાં આપ્તજનોની જે ઇચ્છા છે, તે પરિપૂર્ણ ન કરતાં આપ અન્ય માર્ગ સૂચવો છો તે તેઓ શું કબુલ રાખશે ? અને જ્યારે તેઓ માન્ય નહી રાખે ત્યારે એ કલ્પના તો ઉદ્‌ભવી જ કે એ આપની પત્ની અને તેથી જ મારી માતા. આ વસ્તુ–સ્થિતિમાં યોગ્ય માર્ગ એ જ છે કે, આપે તેની સાથે બેલાશક લગ્ન કરી દેવું;" ચંદ આ પ્રકારની હઠ લેશે, એવી રાણાએ કિંવા દરબારીઓએ સ્વપ્ને પણ આશા રાખી ન હોતી.

રાણો ઘણી ગુંચવણમાં પડયો. ચંદને તેણે બહૂ પ્રકારે સમજાવ્યો પરંતુ ધર્મ અને નીતિથી ડરનારો ચંદ ચલિત થયો નહી. રાજાને આથી ઘણો ક્રોધ ઉપજ્યો તેણે ચંદને ધમકી આપતાં કહ્યું "તું જ્યારે મારા કહેવા ઉપર ધ્યાન નથીજ આપતો ત્યારે લાચારીથી મારે એની સાથે લગ્ન કરવું પડશે અને પછી કદાચ એ રાણીને પુત્ર થશે તો રાજ્યાસન પર તે પુત્રનો હક્ક રહેશે, તારે તેના તાબામાં રહેવું પડશે. માટે હજુ સમજ અને મારી સૂચના પ્રમાણે લગ્ન કરી નાખ". ચંદ આવી ધમકીથી લવલેશ પણ ભીરૂ બને એવો ન હતો, તે રાજ્યલોભથી ચળે કિંવા સ્વાર્થ ત્યાગ કરવામાં વિલંબ કરે એવો ન હતો. રાણાનાં મુખમાંથી નીકળેલાં વચન સાંભળી તે તુર્ત જ પોતાના આસનેથી નીચે ઉતર્યો અને હસ્તદ્વય જોડી કાંઇક ગર્વથી પરંતુ વિનય પુરઃસર બોલ્યો. પિતાજીનું વચન મારે શીરસાવંદ્ય છે. પિતાજીની ઈચ્છા પ્રમાણે થાય તેમાં મને મુદ્દલ વાંધો નથી. આજથી હું પ્રતિજ્ઞા કરૂં છું કે મારે આ રાજ્ય સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી. રાજ્ય ઉપરથી મારો હક્ક ઉઠાવું છું અને મારાં નવા માતુશ્રીને જે પુત્ર થાય તે જ રાજ્યનો ખરો હક્કદાર ગણાશે. હું તેની આજ્ઞામાં રહી, રાજ્યની જે સેવા મારાથી થશે તે કરીશ." સર્વ સભાજનો તેમજ ખુદ રાણાને પણ આવી ભીષ્મ-પ્રતિજ્ઞા સાંભળી આશ્ચર્ય ઉપજ્યું.

(અપૂર્ણ)

---

# જીનેન્દ્ર ભક્તિ

લેખકઃ-મુનિમહારાજ લક્ષ્મીસાગરજી

"भक्ति तीर्थकरे गुरौ जिनमते संघे च"

જગતમાં તારક તરીકે કોઈ પણ હોય તો માત્ર જીનેશ્વરો છે. તેઓની ભક્તિ કરવાથી સાધક દુસ્તર સંસાર સાગરને તરી જાય છે. વીતરાગ દેવોની ભક્તિનો મહિમા અવર્ણનીય છે. મન અને વાણીથી પર હોવાથી યથાર્થ સ્વરૂપ સમજવું અશક્ય છે. પ્રાથમિક અવસ્થામાં રહેલા જીવો સંસારની વિચિત્ર જાળમાં જકડાએલા હોવાથી અપાર દુઃખને અનુભવે છે. દુઃખોથી છુટવા તલસે છે. ને વિવિધ પ્રયત્નો કરી છુટે છે છતાં બંધનો ઢીલાં થવાને બદલે ગાઢ બને છે. બંધનો શિથીલ કરવા કોઇપણ સાધન હોય તો માત્ર તે તીર્થંકરદેવની ભક્તિ છે. ભક્તિરૂપ મંદાકિની શુષ્ક હૃદયોમાં સંચાર કરે છે, વિકાસ કરે છે. શુદ્ધ જ્ઞાન અને નિર્મળ ચારિત્રને નવ-પલ્લવિત કરવા અપૂર્વ કાર્યો કરે છે. ભક્તિ વીના મોક્ષના દરવાજા ઉઘાડવાને અન્ય કોઈ ચાવી નથી.

"જો નર નિર્મલ જ્ઞાન
મન શુદ્ધિ ચરિત સાધે,
અનવધિ સુખકાર
મુક્તિ કુંચીકા જીસકો લાધે.
શીવ વાંચ્છક પુરૂષ
મોક્ષ પટકો સદ્ય ઉઘારે,
મોહ મારકે પહોંચે
મોક્ષ મંદિર કે દ્વારે."

ભક્તિ શબ્દ સુંદર છે. તેનો પ્રયોગ સર્વત્ર થતો જોઈએ છીએ પણ મોહી સરાગી આત્માની ભક્તિ કરવાથી આત્માનો ઉદ્ધાર કદી થતો નથી. ઉલટો આત્મા રાગના બંધનોથી બંધાઈ સંસાર સાગરના વમળમાં જઇ પડે છે. જો એની એજ ભક્તિ જીનેન્દ્ર દેવમાં કરવામાં આવે તો સાચે સાચ આત્મા વીતરાગ બની જાય.

ભમરીના સંગથી ઈયળ પણ ઇયળપણુ મટીને ભમરી પદને પામે છે, તેમ જીવ જીનેશ્વરના ધ્યાનથી જીવ તે જીન બને છે. ઝેરના સેવનથી પ્રાણુ નાશ થાય છે એજ ઝેરને કુશળ વૈદ્ય શુદ્ધ બનાવી અનુપાનથી આપે તો શરીરમાં નવ જીવન લાવે છે. પ્રાણ શક્તિ આપે છે. રાગ ગ્રસ્ત જીવનું કદીપણ હીત થયું નથી, થશે નહિ તેમ રાગીઓની ભક્તિ જીવનની મલીનતા પ્રાપ્ત કરાવે છે. માત્ર જીનેન્દ્રના ગુણ કીર્તન કરવાથીજ અંતઃકરણ નિર્મળ બને છે. દેવના દેવ બનાવવાની શક્તિ જીનેશ્વરની ભક્તિમાં રહેલી છે. ભક્તિના વિવિધ પ્રકાર છે. જીનેશ્વરના સ્વરૂપને ઓળખી જે ભક્ત જીન ગુણગાન કરે છે તે અવશ્ય પરમ પદને પામે છે.

"સ્વામી ગુણ ઓળખી,
સ્વામીને જે ભજે;
દર્શન શુદ્ધતા તેહ પામે,
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વશે મુક્તિ ધામે."

ભગવાન વીતરાગ કલ્પવૃક્ષ અને ચિંતામણી કરતાં અધિકતર શ્રેષ્ઠ છે. કલ્પિત વસ્તુને આપનારા સાધનો કરતાં ભગવાન અકલ્પ્ય, અચિંત્ય સુખને આપે છે.

"ચિંતામણિ કહાં તુમ આગે,
પર સુખદાયી આપ અભાગે;
કહત કલ્પતરૂ તુમ સમ કોઈ,
તુમ આગે સમર્થ કછુ નહિં હોઈ."

જે જીનેશ્વરને શ્રદ્ધાપૂર્વક પીછાને છે તેજ ગુરૂને જીનમતને અને સંઘને ઓળખી શકે છે, અંતરથી ભક્તિપુર્વક આરાધે છે. જીનમાં ગુરૂમાં, જીનમત અને સંઘમાં એકરૂપતા ધારણ કરે છે ત્યારે જીનેશ્વરની ભક્તિના બહુમાનથી ગુરૂ જીનમત અને સંઘભક્તિ સત્ય બને છે. પ્રભુના દર્શન અને પૂજનથી જીવ શ્રેષ્ટ સુવર્ણત્વને પામે છે.

પારસમણી પત્થર છતાં લોહને સુવર્ણત્વ આપે તેમાં કંઈ અધિકતા નથી. પ્રભુના ભક્તમાં પ્રભુતા પ્રગટે છે તે ભક્ત બીજાને પણ પવિત્રતા આપી શકે છે, પ્રભુના સ્મરણ અને જ્ઞાનથી અજરામરતા પ્રાપ્ત થાય છે.

"તુમ પદ ભેટત દીન દયાલા
તુમ સમ સો હોવે તતકાલા."

જીનેશ્વરના ચરણ પૂજન કરનારને તેમજ નામ સ્મરણ ધ્યાન કરનારને દિનદયાળ પરમાત્મા પોતાના જેવો જ સાધકને બનાવી દે છે.

"ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन;
देहं विहाय परमात्मदशां व्रजन्ति ॥"

નિરંતર નિષ્કામ ભાવથી જીનેશ્વરની આજ્ઞાનું પાલન અને તેમના અવર્ણનીય અનંત ગુણોનું યથાશકય વર્ણન અને યતકિંચિત સાચા ભાવથી આચરણ કરવાથી સાધક જરૂર પરમ પદની પ્રાપ્તિ કરી શકે છે. સર્વ જીવોમાં આત્મભાવ રાખનાર પૌદ્ગલિક વસ્તુની અભિલાષા ત્યજનાર સાધક જીનેશ્વરનો સાચો ભક્ત મનાય છે. જીનેશ્વરની મન પ્રસન્નતાપુર્વકની ભક્તિ અવશ્ય અખંડ સુખને આપે છે.

# પૂ. આચાર્યવરોનાં ચાતુર્માસ

શ્રીસિંહની વાડી, અ

## અમદાવાદ.

૧ ડહેલાનો ઉપાશ્રય, ડોશીવાડાની પોળ.—પ. પૂ. પં. શાંતિવિજયજી ગણિ તથા પૂ. પં. મુક્તિવિજયજી ગણિવર તથા પૂ. પં. ભાનુવિજયજી ગણિ આદિ ઠાણુ ૮

૨ વિદ્યાશાળા, ડોશીવાડાની પોળ- પં. પૂ. જૈનાચાર્ય વિજયસિદ્ધિસૂરીશ્વરજી તથા પં. કલ્યાણવિજયજી આદિ ઠાણુ

૩ વીરનો ઉપાશ્રય ભઠ્ઠીની બારી- પૂ. પં. કીર્તિમુનિજી ગણિ આદિ ઠાણુ

૪ લુવારની પોળનો ઉપાશ્રય-પૂ.પં. મંગળવિજયજી ગણિવર આદિ ઠાણુ

૫ પાંજરાપોળ જૈન ઉપાશ્રય-પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયલાવણ્યસૂરિજી આદિ ઠાણુ.

૬ ઉજમફોઈની ધર્મશાળા-ઝવેરીવાડ પૂ. મુનિશ્રી દર્શનવિજયજી તથા મુનિશ્રી જ્ઞાનવિજયજી આદિ ઠાણુ. તથા વિજય દેવસૂરિજી આદિ ઠાણુ

૭ માંડવીની પોળ, નાગજી ભુદરની પોળનો ઉપાશ્રય—પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી આદિ ઠાણુ

૮ શામળાની પોળ પૂ. તીર્થોદ્ધારક આચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી ઉપાશ્રય- પ.પૂ. આચાર્ય વિજયોદયસૂરિજી આદિઠાણુ

૯ શામળાની પોળ પાયચંદ ગચ્છ ઉપાશ્રય-મુનિશ્રી બાળચંદજી આદિ ઠાણુ

૧૦ હાજાપટેલની પોળ,પગથીઆનો ઉપાશ્રય—પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયમેઘસૂરીશ્વરજી તથા વિજય મનહરસૂરિજી આદિ ઠાણુ

૧૧ દેવીશાનો પાડો, વિમળગચ્છનો ઉપાશ્રય—પૂ. પં. મહેન્દ્રવિમળજી આદિ ઠાણુ.

૧૨ દેવીશાનો પાડો, શાંતિસાગરનો ઉપાશ્રય— ઉપાધ્યાય વિવેકવિજયજી આદિ ઠાણુ

૧૩ લુણસાવાડો જૈન ઉપાશ્રય— મુનિશ્રી સુશીલવિજયજી આદિ ઠાણુ

૧૪ પ. પૂ. જૈનાચાર્ય શ્રી કનકસૂરીજી આદિ ઠાણુ શાહપુર મંગળ પારેખનો ખાંચો.

૧૫ ઝવેરીવાડ સાગરનો ઉપાશ્રય— પૂ. જૈનાચાર્ય કીર્તિસાગરસૂરિજી તથા મુનિશ્રી જીતેન્દ્રસાગરજી, કૈલાસસાગરજી તથા તપસ્વી નરેન્દ્રસાગરજી આદિ ઠાણુ

૧૬ દાનસૂરિજી જ્ઞાનમંદીર. મનસુખભાઈ શેઠની પોળ—પૂ. જૈનાચાર્ય શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી આદિ ઠાણુ

૧૭ કાળુશીની પોળ,જૈન ઉપાશ્રય- પૂ. મુનિશ્રી મંગળવિજયજી આદિ ઠાણુ

૧૮ જૈન સોસાયટી એલીસબ્રીજ— પૂ. જૈનાચાર્યશ્રી જંબુસૂરિજી આદિ ઠાણુ

## મહુવા

પરમ પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી, પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી, પૂજ્ય જૈનાચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વર, પૂ. વિજયપદ્મસૂરીશ્વરજી આદિ ઠાણુ મહુવા જૈન ઉપાશ્રય.

## કપડવંજ

પ. પૂ. જૈનાચાર્ય શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી આદિ ઠાણુ મીઠાભાઇ ગુલાબચંદનો ઉપાશ્રય-કપડવંજ.

**જંડીયાલાગુરૂ** (જી. અમૃતસર)

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભ-સૂરીશ્વરજી આદિ ઠાણા

**વીસનગર**

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજય હર્ષ-સૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા

**સીપોર** (વાયા વડનગર)

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયમહેન્દ્ર-સૂરીશ્વરજી આદિ ઠાણા

**વડાલી** (વાયા ઈડર)

પ. પૂ. જૈનાચાર્યશ્રી વિજય લબ્ધિ-સૂરીશ્વરજી આદિ ઠાણા

**સમી.** (વાયા હારીજ)

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયભક્તિ સૂરીશ્વરજી આદિ ઠાણા

**ડીસા જુના**

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયભદ્ર-સૂરીશ્વરજી આદિ ઠાણા

**વઢવાણ શહેર**

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયામૃત-સૂરીશ્વરજી આદિ ઠાણા

**સૂરત**

પ. પૂ. જૈનાચાર્ય શ્રી વિજયવિજ્ઞાન-સૂરીશ્વરજી આદિ ઠાણા ગોપીપુરા જૈન ઉપાશ્રય.

પ. પૂ. પં. દાનવિજયજી ગણિવર આદિ ઠાણા સંગ્રામપુરા જૈન ઉપાશ્રય.

પૂ. પં. વિદ્યાવિજયજી આદિ ઠાણા હરિપુરા જૈન ઉપાશ્રય.

પૂ. મુનિરાજ શ્રી રત્નવિજયજી આદિ ઠાણા છાપરીયા શેરી.

**પાલીતાણા**

પૂ. જૈનાચાર્યશ્રી વિજયમોહનસૂરિજી જૈન જ્ઞાનમંદિર.

પં. પ્રમોદવિજયજી આદિ ઠાણા જીવણ નિવાસ.

**ખંભાત.**

પ. પૂ. જૈનાચાર્યશ્રી ક્ષમાભદ્રસૂરીશ્વરજી આદિ ઠાણા જૈન શાળા.

પ.પૂ. પંન્યાસ શ્રી ચંદ્રસાગરજી ગણિ તથા પૂ. દેવેન્દ્રસાગરજી આદિ ઠાણા શેઠ મૂળચંદ બુલાખીદાસનો ઉપાશ્રય.

**ભાવનગર.**

પ. પૂ. જૈનાચાર્યશ્રી વિજકુમુદસૂરીશ્વરજી આદિ ઠાણા મારવાડીનો વંડો.

**પાટણ**

પૂ. જૈનાચાર્ય શ્રી માણિક્યસિંહ-સૂરિજી પાટણ, થમણાજીની ધર્મશાળા.

પૂ. જૈનાચાર્યશ્રી વિજયકર્પુરસૂરિજી, વિજયામૃતસૂરિજી કેસરબાઈ જ્ઞાનમંદિર.

પૂ. સાહિત્યપ્રેમી મુનિશ્રી પૂણ્ય-વિજયજી આદિ ઠાણા સાગરનો ઉપાશ્રય.

પૂ. મુનિશ્રી ભુવનવિજયજી તથા મુનિશ્રી કનકવિજયજી આદિ ઠાણા ખેતરવશીનો ઉપાશ્રય.

**રોહીડા** (મારવાડ)

જૈનાચાર્યશ્રી વિજય લક્ષ્મણસૂરિજી આદિ ઠાણા

**લુણાવાડા** (વાયા ગોધરા)

પૂ. જૈનાચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી આદિ ઠાણા

**વરકાણા.**

પૂ. જૈનાચાર્યશ્રી વિજયલલિતસૂરિજી આદિ ઠાણા

**માણસા**

પૂ. જૈનાચાર્યશ્રી ઋદ્ધિસાગરસૂરિજી આદિ ઠાણા જૈન ઉપાશ્રય.

**માંગળરોળ**

પૂ. જૈનાચાર્ય શ્રી વિજયરામચંદ્ર-સૂરિજી આદિ ઠાણા જૈન ઉપાશ્રય

**વડોદરા.**

જૈનાચાર્ય શ્રી વિજયલાભસૂરિજી કોઠીપોળ વડોદરા.

**ધોરાજી**

જૈનાચાર્ય ન્યાયસૂરિજી આદિ ઠાણા જૈન ઉપાશ્રય.

પૂ. પં. રમણિકવિજયજી આદિ ઠાણા

**જામનગર**

જૈનાચાર્યશ્રી વિજયસૂરેન્દ્રસૂરીશ્વરજી આદિ ઠાણા

**માસર રોડ**

જૈનાચાર્યશ્રી જયસિંહસૂરિજી આદિ ઠાણા

**પીંડવાડા.** જૈન ઉપાશ્રય

ઉપાધ્યાય ભુવનવિજયજી આદિ ઠાણા

**સાબરમતી** (રામનગર)

ઉપાધ્યાય સિદ્ધિમુનિજી આદિ ઠાણા

**નવીનપુર** (કચ્છ)

વયોવૃદ્ધ ગૌતમસાગર તથા ઉપાધ્યાય ગુણસાગરજી (અંચળગચ્છીય) આદિ ઠાણા

**પરમપૂજ્ય તીર્થોદ્ધારક આ૦ વિજય નીતિસૂરીશ્વર મહારાજના સમુદાયના મુનિઓના ચાતુર્માસ.**

૧. આચાર્ય વિજયહર્ષસૂરીશ્વરજી મુનિ કુમુદવિજય ઠાણા ૩. મંડી પાસે જૈન ઉપાશ્રય. મુ. વીસનગર (ગુજરાત)

૨. આચાર્ય વિજયમહેન્દ્રસૂરિજી મુનિ કલહંસવિજય વિનોદ વિ. મુનિ મહિમા વિ. ઠાણા ૪ વાયા વડનગર મુ. શીપોર.

૩ આચાર્ય વિજય ઉદયસૂરિજી, પં. મનોહરવિજયજી, મુનિશ્રી ભાસ્કરવિ. મુનિ નિપુણવિ. ઠા. ૪. શામળાની પોળ તપાગચ્છનો ઉપાશ્રય, અમદાવાદ.

૪. આચાર્ય વિજયકલ્યાણસૂરિજી મુનિ સુંદરવિ. મુનિ હેમવિ. મુનિ રંગવિ. મુનિ ચિદાનંદવિ. મુનિ કુશલવિ. ઠાણા ૬ વાયા સુરત, મુ. રાંદેર

૫. ઉપાધ્યાય દયાવિજયજી પં. સંપતવિજયજી મુનિ રામવિ. મુનિ ભુવન વિ. મુનિ ચરણવિ. મુનિ ચંપકવિ. મુનિ ન્યાયવિ. મુનિ વિનયવિ. મુનિ જયાનંદ વિ. ઠા. ૯ સાગર ગચ્છનો ઉપાશ્રય, વાયા પાટણ મુ. રાધનપુર.

૬. પં. દાનવિજયજી ગણીવર્ય મુનિ કેશરવિજય મુનિ પ્રેમવિ. ઠાણા ૩. સઘરામપુરા મુ. સુરત.

૭. પંન્યાસ શાંતિવિજયજી ગણિ, પં. મુક્તિવિજયજી પં. ભાનુવિજયજી મુનિશ્રી મુક્તિવિજયજી મુનિશ્રી સુભદ્ર-વિજયજી મુનિ વલ્લભવિજયજી મુનિ મલય-વિજય મુનિ સુબોધવિજય ઠા. ૮. ડેલાનો ઉપાશ્રય, અમદાવાદ.

૮. પંન્યાસ મંગળવિજયજી ગણી મુનિ ભક્તિવિ. મુનિ ભરતવિ. મુનિ ત્રિભુવનવિ. મુનિ ત્રીલોકવિ. મુનિ ગુણજ્ઞ વિજય ઠા. ૬. લવારની પોળનો ઉપાશ્રય મુ. અમદાવાદ.

૯. પંન્યાસ વિદ્યાવિજયજી મુનિ પ્રકાશવિજયજી મુનિ વિશાલવિજયજી ઠા.૩ હરીપુરા શ્રાવકનો ઉપાશ્રય. મુ. સુરત.

૧૦ પંન્યાસ પ્રમોદવિજયજી મુનિશ્રી સોમવિજયજી મુનિ અશોકવિજયજી મુનિ દીપવિજયજી મુનિ ઉમેદવિજયજી. ઉજમબાઇ ધર્મશાળા, મુ. પાલીતાણા.

૧૦ મુનિશ્રી જશવિજયજી મુનિ મનકવિજય ઠાણા ૨. ઘોઘાવાળી ધર્મશાળા, મુ. પાલીતાણા.

૧૧. મુનિ કંચનવિજયજી મુનિ હંસવિજયજી ઠા. ૨. મુ. શીરોહી. મારવાડ.

૧૨ મુનિ શ્રીભુવનવિજયજી મુનિ શ્રીકનકવિજયજી ઠાણા ૩. ઠે. ખેતરવશી મુ. પાટણ.

# વર્તમાન સમાચાર.

## રાંદેર ભગવતીસૂત્રની વાંચના.

અત્રે અષાડ સુદ ૨ થી ભગવતી સૂત્રની વાંચના શરૂ થઇ છે. આ અંગે અષાડ સુદ ૧ ને દિવસે બપોરે શેઠ નાથુભાઇ સોમચંદને ઘેર પુસ્તક (ભગવતી સૂત્ર) લઇ જવામાં આવ્યું હતું. રાત્રે ભાઇઓ તથા બ્હેનોનો રાત્રી જગો રાખવામાં આવ્યો હતો. બાદ શેઠ નાથુભાઈ સોમચંદ તરફથી લ્હાણી વ્હેંચવામાં આવી.

બીજને દિવસે સવારે એક ભવ્ય વરઘોડો શેઠ નાથુભાઈ સોમચંદને ઘેરથી કાઢવામાં આવ્યો, બધા જૈન ભાઈઓ રાજીખુશીથી પોતાની દુકાનો બંધ રાખી વહેલી સવારમાં જ શેઠ નાથુભાઇને ઘેર વરઘોડામાં પધાર્યા. આચાર્ય મહારાજ વિજય કલ્યાણસૂરીજી આદિ ઠાણા નવ, સંઘના અગ્રગણ્ય ગૃહસ્થો શેઠ ભીખાભાઈ ધરમચંદ, શેઠ મગનલાલ નાથુભાઇ, શેઠ છગનલાલ લાલચંદ અને શેઠ ચીમનલાલ પ્રેમચંદ વિગેરેની હાજરી તરી આવતી હતી. બેન્ડ અને ઢોલની હાજરીથી વરઘોડો ઓર દીપતો હતો. વરઘોડાને અન્તે એક મોટો સ્ત્રી સમુદાય મધુર ગીતો લલકારતો લલકારતો ચાલતો હતો. ચીક્કાર માનવ મેદનીથી સુશોભિત વરઘોડો ભવ્ય અને સુંદર લાગતો હતો. શહેરના જાણીતા લત્તામાંથી પસાર થઈને વરઘોડો ધર્મશાળાએ પહોંચ્યો. બાદ શેઠ નાથુભાઈ સોમચંદે પ્રથમ જ્ઞાનપૂજન કર્યું. વ્યાખ્યાનની શરૂઆત પહેલાં આખોય વ્યખ્યાન હોલ ચીકાર ભરાઈ ગયો હતો. ખૂબ જ આનંદ અને આલ્હાદ પૂર્વક બરાબર ૧૨-૪૫ (નવો ટાઇમ) કલાકે આચાર્ય મહારાજ વિજયકલ્યાણસૂરીજીએ ભગવતી સૂત્રની વાંચના શરૂ કરી. વ્યાખ્યાનની સમાપ્તિ બાદ પ્રભાવના કરવામાં આવી.

સુરતથી ઘણા ભાઇઓ તથા બ્હેનો અત્રે ભગવતી સૂત્ર સાંભળવા પધાર્યા હતા.

ભગવતી સૂત્ર દરરોજ નિયમસર સવારે ૧૦ કલાકે (નવો ટાઇમ) શરૂ થાય છે. વ્યાખ્યાન હોલ હમેશાં ચીકાર હોય છે. અત્રે એક વસ્તુ કહેવી ઠીક થઈ પડશે કે જૈનેતર ભાઇઓ સારી સંખ્યામાં મહારાજશ્રીની ખ્યાતિ સાંભળીને એમનું પ્રવચન સાંભળવા દરરોજ આવે છે.

અત્રે અષાડ વદ ૧ થી આચાર્ય મહારાજ વિજયકલ્યાણસૂરિજીએ ૧૪ પૂર્વનું તપ શરૂ કરાવ્યું છે.

## ગયા અંકમાં છપાયેલ લખાણમાં સુધારો.

"રાંદેરના જૈન સંઘે શેઠ નાથુભાઈ સોમચંદને ભગવતી સૂત્ર વંચાવવાની આદેશ આપી છે એ પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. પરંતુ તેને બદલે

એમ સમજવું કે ભગવતી સૂત્ર તો રાંદેરના જૈન સંઘ તરફથીજ વંચાવવામાં આવે છે, જ્યારે ફક્ત ભગવતી સૂત્ર શેઠ નાથુભાઈ સોમચંદને ઘેર લઈ જવાનું તથા બીજને દિનસે વરઘોડો કાઢી ભગવતી સૂત્ર ધર્મશાળાએ લઈ જવાનો જ આદેશ એમને આપવામાં આવ્યો હતો.”

ધર્મશાળાનો પ્રવેશ દ્વાર આગળનો ભાગ બંધાવવાનું શરૂ થઈ ગયું છે. અને તે અંગે જોઇતી સામગ્રી પણ આવી ગઈ છે.

## બાળદીક્ષા સમાચારમાં સુધારો.

## ભાગવતી દીક્ષા (જામનગર)

અમદાવાદના પાડાપોળના રહીશ બચુભાઇ રમણુલાલે વૈરાગ્ય પૂર્વક ઉંમર ૧૭ના એ કુટુમ્બની સંમતિ પૂર્વય પરમ પૂજ્ય આચાર્ય સૂરેન્દ્રસૂરિજી મહારાજના સમુદાયમાં ભાગવતી દીક્ષા સ્વીકાર કરી છે. તેમનું નામ વિક્રમવિજયજી રાખવામાં આવ્યું છે ને હાલ પ. પૂજ્ય પં. રવિવિજયજી ગણિવરની સાથે જામનગર પાસે અલીયાવાડામાં ચાતુર્માસ બિરાજમાન છે.

મુંબઇ સમાચારમાં છપાયેલ બાળદીક્ષાના સમાચારો બરાબર નથી કારણ તેમની માતા લખી જણાવે છે કે–મારી સંમતિથી લીધી છે અને અમે બન્ને માતા પુત્ર દીક્ષા લેવાના હોઈ રમણુલાલ પ્રથમ દીક્ષા લે તે મને ઇષ્ટ હતું.

## લુહારની પોળનો ઉપાશ્રય

પ. પૂજ્ય પંન્યાસ મંગળવિજયજી ગણિવર સાહેબ વ્યાખ્યાનમાં વિશેષાવશ્યક સૂત્ર તથા ભાવનાધિકારે જયાનંદ કેવળી ચરિત્ર વંચાય છે વ્યાખ્યાનમાં જનતા સારો લાભ લેછે.અષાડ વદી બીજથી કર્મસુદન તપ દીવસ ચોસઠ સુધી ચોસઠ પ્રકારી પૂજા સાથે તપસ્વિઓની ભક્તિપૂર્વક કરાવાય છે. પ્રથમ આઠ દીવસ શેઠ સાંકળચંદ હરિલાલ લુહારની પોળવાળા તરફથી આરાધના થઈ હતી. તપસ્વીઓને પ્રથમ ઓળીનું પારણું પણ તે શેઠશ્રી તરફથી કરાવી રૂપીઆ તથા શ્રીફળની પ્રભાવના સાથે તપસ્વીઓને તિલક કરી ઘણી ધર્મ પ્રભાવના જાગૃત કરી હતી. અષાડ વદી ૧૩ ને ગુરૂવારથી બીજી ઓળીનું તમામ ખર્ચ શેઠ ભગુભાઈ ચુનીલાલ તરફથી નીર્ણિત થયેલ છે તેવીજ રીતે ત્રીજી ઓળી આઠ દીવસની શેઠ આત્મારામ નથુભાઈ સુરદાસ શેઠની પોળવાળા તરફથી નિર્ણીત થયેલ છે. ચોથી ટોળી બાઈ મણિબાઈ ઘાંચીની પોળવાળા વિગેરે તરફથી નિર્ણીત થયેલ છે. તપસ્યા કરનાર પાંચેતર ભાવિક ભાઇ બ્હેનો છે મુનિશ્રી ભરતવિજયજી મહારાજે અઠ્ઠાઈ તપ પૂર્ણ કરી બારસનું પારણું કરેલ છે.

## લાયબ્રેરીની ઉદ્દ્ઘાટનક્રિયા(વાકાનેર)

પરમપૂજ્યનીતિસૂરીશ્વરજીમહારાજના જન્મભૂમિ વાંકાનેરમાં શ્રી જૈન તપાગચ્છ લાયબ્રેરીની ઉદ્દ્ઘાટનક્રિયા અષાડ સુદ બીજના દીવસે ખુબ ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી. અને જનતા તેનો ખુબ સારો લાભ ઉઠાવે છે.

## રાધનપુરના વર્તમાન

સાગરગચ્છના ઉપાશ્રયે પ. પૂ. ઉપાધ્યાય દયા વિજયજી ગણિ, પ. પૂ. પં. સંપતવિજયજી ગણિ, પ. પૂ. મુનિશ્રી રામવિજયજી પ. પૂજ્ય ભુવનવિજયજી, તથા પ. પૂ. ચરણુવિજયજી આદિ ઠાણા ૯ ચાતુર્માસ બિરાજમાન છે. વ્યાખ્યાનમાં શ્રાદ્ધ પ્રતિક્રમણ તથા મહાબલ મલયા

સુંદરી ચરિત્ર વંચાય છે. વ્યાખ્યાનમાં લોકો સારી સંખ્યામાં લાભ લે છે. પૂ. મુનિશ્રી જયાનંદ વિજયજીએ અઠાવીસમી ઓળી ઉપર માસ ખમણની તપસ્યા શરૂ કરી છે.

**જૈનવિદ્યામંદિર (બોડીંગની) સ્થાપના અને ઉદ્દઘાટનક્રિયા [કાલન્દ્રીમારવાડ]**

પ. પૂ. તીર્થોદ્ધારક આચાર્ય દેવ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. ભદ્રાનંદવિજયજી મહારાજ સાહેબ. અહિં કાલન્દ્રીમાં પોરવાડની ધર્મશાળામાં ચાતુર્માસ બિરાજમાન છે.

પૂજ્ય મહારાજ સાહેબના સદુપદેશથી જેઠ સુદ બીજી તીજના દીવસે મોટા ઉત્સવપૂર્વક ઉદ્દઘાટન ક્રિયા થઈ હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સરઘસ નિકળ્યા બાદ ચતુર્વિધ સંઘ સમક્ષ મહારાજશ્રીએ 'જ્ઞાનના મહત્વ' ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ બોર્ડીંગ-વિદ્યામંદિરના ફંડમાં હાલ રૂ. ૪૫૦૦૦) થયા છે ને હજુ બીજા ઘણા ભરાશે. શરૂઆતમા મીડલ સ્કુલ અને સાથે ધાર્મિક શિક્ષણ આપવાનો પ્રબંધ કર્યો છે. સંસ્થામાં હાલ અગિઆર શિક્ષકો રોકવામાં આવ્યા છે. સંસ્થાને આ વિભાગમાં સુંદર બનાવવાની કાર્યવાહકોની ઇચ્છા છે ને મહારાજશ્રીની તેમાં ખુબજ પ્રેરણા અને ઉપદેશ છે.

**ભદ્રેશ્વર તીર્થમાં ભોજનશાળાની સ્થાપના—**

પ્રખ્યાત જૈનાચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરના પ્રશિષ્ય મુનિશ્રી શુભવિજયજી પોતાના સહપ્રવાસી પંન્યાસ શ્રી ચંદનવિજયજી સાથે કચ્છના જુદા જુદા સ્થળોમાં પ્રવાસ કરી હાલ કચ્છ-માંડવીમાં ચાતુર્માસ માટે બીરાજી રહ્યા છે.

મુનિ શુભવિજયજી પોતાના પ્રવાસમાં હિન્દભરના જૈનોના જાણીતા પવિત્ર તીર્થ શ્રી ભદ્રેશ્વરજી પધારતાં, તેઓશ્રીએ અન્ય મુનિમહારાજો, જૈન આગેવાનો તથા યાત્રાળુઓના આગ્રહ અને સહકારથી ભદ્રેશ્વરમાં આવતા યાત્રાળુઓના અતીથિ-સત્કાર માટે એક ભોજનશાળાની અગત્ય જણાતાં, એ માટેના પ્રયાસો શરૂ કરી દીધા. ટુંક સમયમાં જ આ આ મહારાજશ્રીને કચ્છના જૈનોએ સુંદર જવાબ આપી દીધો છે.

મહારાજશ્રીની યોજના એક લાખ કોરીની હતી, તેને બદલે આજ દિન સુધી મહારાજશ્રીને સવા લાખથી વધુ રકમોના વચનો મળી ચૂકયા છે. આ ફંડમાં ભદ્રેસરની ટ્રસ્ટ કમીટિના સભ્યો તથા કચ્છના તમામ ગામોના ઉદાર જૈનોએ સારો ફાળો નોંધાવ્યો છે.

તે ઉપરાંત ભોજનશાળા માટે મકાન બંધાવી આપવાની ઓફર પણ મહારાજશ્રી પાસે આવી ગઇ છે.

આ કાર્યમાં માંડવીના શ્રી. જૈન કાર્યકર સંઘે મહારાજશ્રીને સારો સહકાર આપ્યો છે.

આવા એક ઉત્સાહી અને નિખાલસ મુનિમહારાજના આ કાર્યને બહાલી આપવા માટે ભદ્રેસર તીર્થના ટ્રસ્ટીઓની કમીટી તરત જ મળવાની છે.

મુનિશ્રીએ કચ્છના જૈનોમાં ઉત્સાહ રેડી ઘણો સારો ચાહ મેળવ્યો જે.

મુદ્રક-હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-અમદાવાદ.
પ્રકાશક-ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-અમદાવાદ.

# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી:**—સંપાદક, પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું.

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ**, ૫૯।૧ ગાંધી રોડ, **અમદાવાદ.**

---

બહાર પડી ચૂકેલ છે

## શબ્દરત્નમહોદધિ શબ્દકોષ ભાગ ૨ જો

### સંગ્રાહક, પન્યાસજી શ્રીમુક્તિવિજયજી.

સંસ્કૃત ભાષા સરળ રીતે બાળજીવો સમજી, દરેક જૈન અજૈન ગ્રંથોનું વાસ્તવિક અર્થ સ્વરૂપ સમજી શકે. તેવી પદ્ધતિએ જૈનાચાર્ય શ્રીવિજયનીતિ સુરીશ્વરજી મહારાજની કોષ બનાવી, તેનું પ્રકાશન કરાવી, જનતાને તેનો લાભ લેતા કરવાની મહેચ્છા હતી, તે બાર વર્ષની મહેનતે આજે પરિપૂર્ણ થવા પામેલ છે.

આવા અલભ્ય કોષના બે ભાગો, ક્રાઉન આઠ પેજી એકંદર ૧૮૦૦ પૃષ્ઠના, ગુરૂવર્યોના શોભિત ફોટાઓ અને પાકા પુંઠાં સાથે આ ગ્રંથના પહેલા ભાગના રૂા. ૮-૦-૦, અને બીજા ભાગના રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું રાખવામાં આવેલ છે.

પહેલો ભાગ મેળવનારાઓએ બીજો ભાગ સત્વર મંગાવી લેવાનું ધ્યાનમાં રાખવું.

બન્ને ભાગના એકીસાથે પાંચ સટ લેનારને પંદર ટકા કમીશન આપવામાં આવશે.

લખો.–**શ્રીવિજયનીતિસુરિજી જૈન લાયબ્રેરી**, ૫૯/૧ ગાંધીરોડ, **અમદાવાદ.**

**—: સરસ્વતી પુસ્તક ભંડાર :—**

| | |
|---|---|
| હાથીખાના રતનપોળ | લક્ષ્મી નિવાસ, પાંજરાપોળ લેન |
| **અમદાવાદ.** | **મુંબઇ.** |

પ....ર્યું....ષ....ણ....અં....ક....

આવતો અંક પર્યુષણ અંક રહેશે તેમાં પર્યુષણ મહાત્મ્યના લેખો મોકલી આપવા તથા સમાચારો મોકલી આપવા વિનંતી છે. તંત્રી-

## આવશ્યક.

### આવતો અંક ભાદરવા સુદી પ્રતિપદાએ બહાર પડશે.

૧ આ વર્ષે ગ્રાહક થનારને ભેટના પુસ્તક તરીકે ૧ તીર્થોદ્ધારકઆચાર્ય વિજય-નીતિસૂરિ જીવનચરિત્ર (સચિત્ર ગુજરાતી) લેખક ફુલચંદ હરિચંદ દોશી. ૨ સમતિ સ્થાન પ્રકરણ. ૩ વાકયપ્રકાશ મોકલવામાં આવશે.

૨ આપને હવે પછીનો અંક વીપી કરીશું તો આપ જો ગ્રાહક તરીકે રહેવા માગતા હો તો અમને શ્રાવણ વદી ૫ પહેલાં લખી જણાવશો અને આપનો જવાબ નહિ આવે તો અંક વી. પી. કરશું.

૩ ઉત્સવ, દીક્ષા, કે બીજા કોઈ ઉપયોગી સમાચારો વદી પાંચમ પહેલાં મોકલવા કૃપા કરવી.

૪ ધર્મ પ્રભાવક કે જૈન જનતાને ઉપયોગી સમાચારો અમને મોકલવામાં આવશે તો તેને અવશ્ય સ્થાન આપીશું.

૩ ચાતુર્માસ અને વિહારના સમાચાર પણ વૈ. વદી પાંચમ અગાઉ મળે મુદ્રિત કરીશું.

૬ લેખક મહાશયોએ પોતાનો લેખ સારા અક્ષરે મોકલી આપવા અમારી વિજ્ઞપ્તિ છે.

૭ હવે પછીના દરેક અંકમાં તંત્રીની નોંધ પ્રગટ થશે.

૮ આ પત્રમાં કોઇપણ ભાઇ જૈનધર્મ વિષયક શંકાઓ મોકલશે તેના ઉત્તરો પ્રશ્ન સાથે માસિકમાં આપવામાં આવશે.

તંત્રી.

શ્રી જૈન ધર્મ વિકાસ.